Digital Copy

કેનેડાથી પ્રસિદ્ધ થતું ગુજરાતી કમ્યુનિટી ન્યુઝપેપર

जननी जन्मभूमिश्च स्वर्गदपि गरियसी

# ગરવી Gujarat ગુજરાત

Gujarati Weekly Community Newspaper

Vol. 1 | Issue 29 | 03 January 2026 | Sugnesh Patel | +1437-967-0062 | garvigujarat2025@gmail.com | CANADA |

2026 Happy New Year

2026 Happy New Year

## લેખક ગણની કલમે અને વાચક મિત્રોના વિશ્વાસ તથા સ્પોન્સરોના સહયોગથી ગરવી ગુજરાત ન્યુઝ પેપર તરફથી

## 2026 ને ભાવભર્યો આવકાર



વિશ્લેષક શ્રી ભરતભાઈ ભાનુશાલી વિસનગર ગુજરાત




નિર્મળાબેન દરજી રિટાયર શિક્ષિકા કેનેડા




ભદ્રેશ શાહ
પ્રિયા ભીરીવ
ગોધરા



પ્રિન્સિપાલ પરેશભાઈ શાહ, ખ્યાતનામ શિક્ષણ વિદ, વડોદરા ગુજરાત



સંગીતકાર
ડૉ. જયેન્દ્રભાઈ નાયક
કેનેડા




પંડિત
મહેશભાઈ વ્યાસ
વડોદરા, 6, ઝવેરનગર



જ્યોતિષ આચાર્યશ્રી સુરેશભાઈ ગાંધી
(પાયરા વાસ્તુ એક્સપર્ટ)
કેનેડા



શ્રી કિરીટભાઈ પટેલ સમાજ સેવક કેનેડા



હસમુખભાઈ બી પટેલ
હર્ષ- પરખ
નારદીપુર અમદાવાદ




ડૉ. નિકુંજ વિઠલાણી
પ્રોફેસર અને સિનિયર કન્સલટન્ટ
બેસિલ ઓન્કોકેર એન્ડ રિસર્ચ
ઈન્સ્ટિટ્યૂટ થર્ડ ફ્લોર રીધમ હાઉસ
નિયર વિનસ હોસ્પિટલ લાલ
દરવાજા સુરત
ફોર એપોઈન્ટમેન્ટ : 9879244250

મીનાક્ષીબેન કરમકર
કેનેડા

દિનાબેન ગોપાણી
કેનેડા



ડૉ. પ્રકાશભાઈ ઠક્કર
કલોલ, ગુજરાત



લેખક શ્રી ઘનશ્યામભાઈ પટેલ
(ખુશ)
કેલગરી કેનેડા

એસ. કે. પટેલ
રિટાયર્ડ પ્રિન્સિપાલ,
કેનેડા

# સાપ્તાહિક રાશિ ભવિષ્ય

3 જાન્યુઆરીથી આવતા શનિવાર સુધી

**મેષ રાશિ** અ, લ, ઈ — આ સપ્તાહે તમે ઉત્સાહ અને આત્મવિશ્વાસથી ભરપૂર રહેશો. કાર્યક્ષેત્રે નવી જવાબદારીઓ મળશે, જે શરૂઆતમાં ભારે લાગશે પરંતુ અંતે લાભદાયી સાબિત થશે.

**વૃષભ રાશિ** બ, વ, ઉ — આર્થિક દૃષ્ટિએ સપ્તાહ સારો છે. અટકેલા નાણાં પરત મળવાની શક્યતા છે. વ્યવસાયમાં નવી ડીલ અથવા કરાર થઈ શકે. ઘરેલુ વાતાવરણ સુખદ રહેશે. આરોગ્ય માટે ખોરાકમાં સંયમ રાખવો.

**મિથુન રાશિ** ક, છ, ઘ — આ સપ્તાહે સંવાદ અને સંપર્કો તમારા માટે લાભદાયી સાબિત થશે. નોકરીમાં બદલાવ અથવા નવી તક અંગે ચર્ચા થઈ શકે. વેપારમાં માર્કેટિંગ અને પ્રચારથી લાભ થશે.

**કર્ક રાશિ** ડ, હ — ભાવનાત્મક રીતે આ સપ્તાહ થોડો સંવેદનશીલ રહી શકે. પરિવારના કોઈ મુદ્દા પર ચિંતા થઈ શકે, પરંતુ વાતચીતથી ઉકેલ આવશે. કાર્યક્ષેત્રે ધીરજ રાખશો તો સફળતા મળશે.

**સિંહ રાશિ** મ, ટ — માન-સન્માન અને પ્રતિષ્ઠામાં વધારો થતો જણાશે. નેતૃત્વક્ષમતાને ઓળખ મળશે. ઉચ્ચ અધિકારીઓ તરફથી પ્રશંસા મળી શકે. વ્યવસાયમાં વિસ્તરણના વિચારો સફળ થશે.

**કન્યા રાશિ** પ, ઠ, ણ — યોજનાબદ્ધ રીતે કરેલા પ્રયત્નો સફળતા લાવશે. નોકરીમાં પ્રમોશન અથવા જવાબદારી વધવાની શક્યતા છે. વેપારમાં સ્થિરતા રહેશે. પરિવારજનોનો સહયોગ મળશે.

**તુલા રાશિ** ર, ત — આ સપ્તાહે સંબંધોમાં સ્પષ્ટતા જરૂરી રહેશે. ભાગીદારીના વ્યવસાયમાં લાભ થશે, પરંતુ નિર્ણય લેતા પહેલા સંપૂર્ણ વિચાર કરો. આર્થિક રીતે સંતુલિત સમય છે. ઘરેલુ જીવનમાં શાંતિ રહેશે.

**વૃશ્ચિક રાશિ** ન, ય — આંતરિક શક્તિ અને આત્મવિશ્વાસમાં વધારો થશે. લાંબા સમયથી ચાલતા પ્રશ્નોનું સમાધાન થવાની શક્યતા છે. રોકાણ માટે સપ્તાહ મધ્યમ છે, સલાહ લઈને આગળ વધો. ગુપ્ત શત્રુઓથી સાવચેત રહો.

**ધન રાશિ** ભ, ધ, ફ, ઢ — પ્રવાસ, તાલીમ અથવા નવા અવસર મળવાની શક્યતા છે. શિક્ષણ અને સ્પર્ધાત્મક ક્ષેત્રમાં સફળતા મળશે. વેપારમાં નવા પ્રોજેક્ટ શરૂ કરી શકાય. ઉતાવળમાં લેવાયેલા નિર્ણય નુકસાનકારક બની શકે, તેથી શાંતિથી કામ કરો.

**મકર રાશિ** ખ, જ — મહેનત અને શિસ્તનું સારું પરિણામ મળશે. કારકિર્દીમાં પ્રગતિના મજબૂત સંકેત છે. નાણાકીય સ્થિતિ સુધરશે. પરિવારની જવાબદારીઓ વધશે, પરંતુ તમે સફળતાપૂર્વક નિભાવશો.

**કુંભ રાશિ** ગ, સ, શ, ષ — નવિન વિચાર અને સર્જનાત્મકતા તમને આગળ વધારશે. મિત્રો અને સહકર્મીઓનો સહયોગ મળશે. ટેક્નોલોજી કે નવી પદ્ધતિઓથી લાભ થશે. ઘરેલુ જીવન સુખદ રહેશે.

**મીન રાશિ** દ, ચ, ઝ, થ — સર્જનાત્મક અને કલાત્મક કાર્યોમાં સફળતા મળશે. માનસિક શાંતિ અનુભવશો. આધ્યાત્મિક પ્રવૃત્તિઓ તરફ ઝુકાવ વધશે. નોકરીમાં બદલાવ અથવા નવી જવાબદારી મળી શકે.

શ્રી મહેશકુમાર શાસ્ત્રીજી, કેનેડા+1 647 881 9054
વાસ્તુપૂજા કથા વિગેરે માટે સંપર્ક કરો

તંત્રી લેખ

# "છ મહિના ની સિદ્ધિ બાદ 2026 માટે નવા સંકલ્પો સાથે 'ગરવી ગુજરાત'"

આદરણીય લેખક ગણ તથા સહાયક સ્પોન્સર મિત્રો,

ગરવી ગુજરાત ડિજિટલ ન્યુઝ પેપર આપ સૌના અખૂટ પ્રેમ, વિશ્વાસ અને સહકારથી આજે છ મહિના નો સફળ સમયગાળો પૂર્ણ કરી રહ્યું છે—આ અમારા માટે ગૌરવ, આનંદ અને કૃતજ્ઞતાનો અવસર છે. આ સફરમાં દરેક વાચકની એક એક ક્લિક, દરેક લેખકની એક એક કલમ અને દરેક સ્પોન્સરના એક એક સહયોગે અમને આગળ વધવાની શક્તિ આપી છે.



છ મહિના દરમ્યાન અમે માત્ર સમાચાર જ નથી પહોંચાડ્યા, પરંતુ ગુજરાતીની સંસ્કૃતિ, ભાષા અને સંવેદનાને વિશ્વના ખૂણે ખૂણે વસતા ગુજરાતી પરિવાર સુધી પહોંચાડવાનો નમ્ર પ્રયાસ કર્યો છે. સામાજિક સેવા, સંસ્કૃતિના સંવર્ધન, કમ્યુનિટી એકતા અને સકારાત્મક વિચારોને પ્રોત્સાહન—આ તમામ ક્ષેત્રોમાં આપ સૌના સાથ સહકારથી અનેક સિદ્ધિઓ હાંસલ કરી શક્યા છીએ.



લેખક મિત્રોની વિચારસભર કલમોએ પત્રને સમૃદ્ધ બનાવ્યો, વાચક મિત્રોના પ્રતિસાદોએ અમને સુધારવા અને આગળ વધવા પ્રેર્યા, અને સહાયક સ્પોન્સર મિત્રોના સહયોગે આ યાત્રાને સ્થિર આધાર આપ્યો. આપ સૌ વગર આ સફળતા સંભવ નહોતી—આ માટે હૃદયપૂર્વક આભાર.

નવું વર્ષ 2026 અમારા માટે નવી આશાઓ, નવા સંકલ્પો અને નવી જવાબદારીઓ લઈને આવે છે. આ નવા વર્ષે પણ આપ સૌનો આવો જ સાથ સહકાર મળતો રહેશે એવી અપેક્ષા સાથે, અમે વધુ ગુણવત્તાયુક્ત સામગ્રી, વધુ સમર્પિત સેવા અને વધુ સકારાત્મક દૃષ્ટિકોણ સાથે આગળ વધવાનો સંકલ્પ કરીએ છીએ. ગુજરાતીની સંસ્કૃતિ અને કમ્યુનિટી ની સેવા કરવાનો વધુ મોકો મળે—એ જ અમારી સાચી સફળતા રહેશે.

આપ સૌના જીવનમાં સુખ, શાંતિ, આરોગ્ય અને સમૃદ્ધિ છલકાય; આપના દરેક પ્રયાસમાં સફળતા મળે—એવી દિલથી શુભકામનાઓ સાથે નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું. આપ સૌના વિશ્વાસ માટે ફરી એક વાર આભાર.

આવો, સાથે મળીને આ સફરને વધુ ઉજ્જવળ બનાવીએ.

નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ

**સુજ્ઞેશ પટેલ**
(તંત્રી શ્રી, ગરવી ગુજરાત ડીજીટલ ન્યુઝ પેપર, કેનેડા) 4379670062
garvigujarat2025@gmail.com

**કેનેડાથી પ્રસિદ્ધ થતું ગરવી ગુજરાત ન્યુઝ પેપર વાંચવા ક્યુઆર કોડ સ્કેન કરો**




સંકલન શ્રી એસ કે પટેલ કેનેડા રિટાયર્ડ પ્રિન્સિપાલ

**And when he is out of sight, quickly he is out of mind.**
**- Thomas A. Kempis.**

Dr Prakashbhai Thakkar Kalol Gujrat (Sankalan)

વાચકોને આ અખબારમાં પ્રસિદ્ધ કોઇપણ જાહેરાતના સબંધમાં પૈસા મોકલવા, કોઇ પણ ખર્ચ ઉઠાવવા અથવા કોઇપણ વાયદા દાવા પર અમલ કરતા પહેલાં જરૂરી પુછપરછ કરવા અને યોગ્ય તપાસ કરવાની સલાહ આપવામાં આવે છે. ગરવી ગુજરાત જાહેરાતકર્તાઓના ઉત્પાદનો અને સેવાઓ માટે કરાયેલ દાવાની જવાબદારી લેતું નથી. જો જાહેરાત આપનાર આવા દાવાનું સન્માન નથી કરતા તો ગરવી ગુજરાતને કોઇપણ પરિણામ માટે જવાબદારી ગણી શકાશે નહીં.


2026 Happy New Year
I AM DIFFERENT !!
2026 Happy New Year
@realtorravipatel
Looking for the Right Real Estate Expert?
Ravi Patel
REALTOR
Let's Find Your Perfect Home
• Personalized Guidance for Buyers & Sellers
• More Than 5 Years of Experience
• Transparent Service
• Check reviews on Google & Insta and lets get started !!
Let's Get Started
+1(519)-991-7196
www.buywithravi.realtor
@realtorravipatel
RIGHT AT HOME REALTY BROKERAGE



ABHAY JOSHI Mortgage
Abhay Joshi
(Mortgage Agent Level 2)
AFFINITY MORTGAGE SOLUTIONS INC
INDEPENDENTLY OWNED AND OPERATED
FSRA LIC # 13093
MORTAGE
EXPERT
2026
Happy New Year
CONTACT US
UNLOCK YOUR DREAM HOME WITH
EXPERT MORTGAGE GUIDANCE
Residential mortgage
Commercial mortgage
Refinancing, Home equity loans
Business Line of Credits
Business Loans (CSBFL)
And many more
Call today to schedule
a consultation
CELL : (647) 409-5848
Lic #M22003707

Abhay Joshi
(Mortgage Agent Level 2)

Happy New Year 2026


AFFINITY MORTGAGE SOLUTIONS INC

INDEPENDENTLY OWNED AND OPERATED

FSRA LIC # 13093

# TRUSTED ADVICE

Secure smarter mortgage solutions today, your dream home starts with the right advice!






## Compare Before You Commit

- Don't settle for the first offer. Different lenders provide different rates and terms, shop around to save money.

## Consider Future Changes

- Think ahead — job changes, family growth, or retirement can affect your ability to repay. Choose a mortgage that adapts to your future.

## Protect Your Credit Score

- A strong credit profile means better mortgage options. Pay bills on time and avoid unnecessary debt before applying

## Mortgage Pitfalls to **Avoid**

- Skipping Pre-Approval
- Ignoring Total Costs
- Overstretching Budget
- Not Comparing Lenders
- Failing to Seek Advice



**CELL** : (647) 409-5848 **Lic #M22003707**

# 2025ની ડાયરીનું છેલ્લું અને શ્રેષ્ઠ પાનું..



2025ના આ અંતિમ પડાવ પર ઊભા રહીને જ્યારે પાછું વળીને જોઈએ છીએ, ત્યારે સમજાય છે કે જીવન એક વહેતી નદી જેવું છે... જેમાં કેટલાક વહાલા સંબંધો કિનારે છૂટી ગયા, તો કેટલાક અજાણ્યા ચહેરાઓ હૃદયના ધબકાર બની ગયા. ક્યારેક ખાલી ખિસ્સાએ રાતની ઊંઘ છીનવી લીધી હશે, તો ક્યારેક નાની સફળતાએ આખા પરિવારના ચહેરા પર સ્મિત રેલાવ્યું હશે.

પણ યાદ રાખજો, જે દુ:ખી દિવસોએ તમને રડાવ્યા છે, એ જ દિવસોએ તમને લોખંડ જેવા મજબૂત પણ બનાવ્યા છે... વર્ષ બદલાય એ તો કુદરતનો નિયમ છે, પણ જ્યારે માણસ અંદરથી બદલાય અને નવી શરૂઆત કરવાની હિંમત કરે ત્યારે ઈતિહાસ રચાય છે.

જે ખોયું એને કુદરતની મરજી માનીને સ્વીકારી લો અને જે બાકી છે એને જીતવાની નવી જીદ સાથે 2026ના આંગણે ડગલું માંડો. દુનિયાની કોઈ પણ ખરાબ પરિસ્થિતિ કાયમી નથી, બસ તમારી અંદરનો સૂરજ ઉગતો રાખજો, કારણ કે તમારા નસીબના સોનેરી પાના લખાવવાના હજી બાકી છે..





2026 Happy New Year

# 35+ years of Experience in Insurance Industry

★★★★★

Secure Your Tomorrow by Choosing Smart Insurance Options with Rajendra



**RAJENDRA PARMAR**
**FINANCIAL ASSOCIATE**

## Key Offerings

- Life Insurance
- Super Visa Insurance
- Visitor Visa Insurance
- Critical illness Insurance
- Disability Insurance
- Dental & Health Insurance
- Group Insurance
- Registered Education Savings Plan (RESP)
- Registered Retirement Savings Plan (RRSP)
- Segregated Funds & Investment
- Wills & Retirement Planning
- Financial Literacy for Companies
- Mortgages & Budget Planning



**FREE INSURANCE QUOTE**

** અમે ગુજરાતી બોલીએ છીએ **



**RAJENDRA PARMAR**

Phone Number:
CANADA : 226-552-9547
INDIA OFFICE :+919879579547
Email :
rajugeeta67@gmail.com

# તાજેતરના ઈમિગ્રેશન કાપ છતાં, ફોરેન ટ્રેડ વર્કર કેનેડામાં સ્થાયી થવા માટે શા માટે સારી સ્થિતિમાં છે?



સંકલનઃ શ્રી નયનભાઈ બ્રહ્મભટ્ટ, એ એન બી ઈમિગ્રેશન

2025 માં, કાર્નેના ઉદારવાદીઓએ મોટા પાયે માળખાગત રોકાણોનું વચન આપ્યું છે, જ્યારે તેમણે કુશળ કામદારો પૂરા પાડતા કામચલાઉ અને કાયમી રહેઠાણ (PR) કાર્યક્રમોમાં કાપ મૂક્યો છે.

2025 ના બજેટમાં, સરકારે રસ્તાઓ, પાઈપલાઈનો અને બંદરો તેમજ રહેણાંક મકાનો સહિત માળખાગત સુવિધાઓમાં રોકાણનું વચન આપ્યું હતું.

કુશળ કારીગરો અને બાંધકામ કામદારોની ચાલુ અછત અને કેનેડામાં વસ્તીમાં તાજેતરના ઘટાડાને ધ્યાનમાં રાખીને, આ પ્રશ્ન ઉભો કરે છેઃ કેનેડા આ આવાસ અને માળખાગત સુવિધાઓ બનાવવા માટે ફોરેન ટ્રેડ વર્કર ક્યાંથી શોધશે?

કાર્નેનો મકાન કાર્યક્રમ અને બજેટ 2025 કારીગરો અને બાંધકામ કામદારો માટે કેનેડિયન શ્રમ બજારમાં પગપેસારો કરવાની તક દર્શાવે છે.

ફોરેન ટ્રેડ વર્કર તરીકે કેનેડામાં જીવન બનાવવા માંગતા વિદેશી નાગરિકો કાનૂની કાર્ય અધિકૃતતા મેળવવા માટે બે માર્ગોનો લાભ લઈ શકે છેઃ વર્ક પરમિટ અને PR માર્ગો.

ટેમ્પરરી ફોરેન વર્કર પ્રોગ્રામ (TFWP) દ્વારા વર્ક પરમિટ મેળવવા માટે, વિદેશી નાગરિકે સકારાત્મક અથવા તટસ્થ શ્રમ બજાર અસર મૂલ્યાંકન (LMIA) ધરાવતા એમ્પ્લોયર પાસેથી નોકરીની ઓફર સાથે અરજી સબમિટ કરવી આવશ્યક છે.

નોકરી માટે લાયક હોવા અને LMIA-સપોર્ટ જોબ ઓફર મેળવવા ઉપરાંત, વિદેશી નાગરિકને ફક્ત કેનેડાની સામાન્ય સ્વીકૃતિ આવશ્યકતાઓને પૂર્ણ કરવાની જરૂર છે, જેમ કે ગુનાહિત રેકોર્ડ ન હોવો, ભારે સ્વાસ્થ્ય સ્થિતિઓ, અથવા રાષ્ટ્રીય સુરક્ષા અથવા જાહેર સલામતી માટે જોખમ ઊભું કરવું.

આ લેખ લખતી વખતે, LMIA મેળવવા માટે નોકરીદાતાએ કાં તો 6% થી ઓછી બેરોજગારી ધરાવતા પ્રદેશમાં સ્થિત હોવું જોઈએ; અથવા પ્રદેશના સરેરાશ વેતન કરતાં ઓછામાં ઓછા 20% વધુ ચૂકવણી કરવી જોઈએ.

મોટાભાગના વિદેશી નાગરિકો કેનેડિયન એક્સપિરિયન્સ ક્લાસ (CEC) અથવા ફેડરલ સ્કીલ્ડ વર્કર પ્રોગ્રામ (FSWP) માટેની આવશ્યકતાઓને પૂર્ણ કરીને એક્સપ્રેસ એન્ટ્રી માટે લાયક બનશે. કેટલાક ફેડરલ સ્કીલ્ડ ટ્રેડ્સ પ્રોગ્રામ (FSTP) દ્વારા લાયક ઠરી શકે છે, જેમાં લાયકાતનું પ્રમાણપત્ર અથવા માન્ય નોકરીની ઓફરની જરૂર હોય છે.

મુખ્ય આવશ્યકતાઓમાં કાર્ય અનુભવ, શિક્ષણ અને સત્તાવાર ભાષા પ્રાવીણ્ય માટે ન્યૂનતમ આવશ્યકતાઓ પૂર્ણ કરવી શામેલ છે. કેનેડાની બહારના વિદેશી નાગરિકો કે જેઓ CEC માટે લાયક નથી, તેમની પાસે પણ પૂરતા સેટલમેન્ટ ફંડ હોવા જરૂરી છે.

ટ્રેડ કેટેગરી માટે લાયક બનવા માટે, તેમને છેલ્લા ત્રણ વર્ષમાં એક જ લાયક વ્યવસાયમાં ઓછામાં ઓછા છ મહિના પૂર્ણ-સમય (અથવા સમકક્ષ પાર્ટ-ટાઈમ) સતત કાર્ય અનુભવની જરૂર પડશે.

**ANB Immigration Services,**
Toronto - Canada
905 230 4737
info@anbimmigration.com




"Honest Deals. Real Results."
2026
Happy New Year
Your Trusted Partner
in Every Property (Residentials / Commercials) Journey
Jignesh Patel
REAL ESTATE BROKER
Stop Renting. Start Owning.
Your Dream Home Awaits!
• Personalized Guidance for Buyer & Sellers
• More Than 5+ Years of Experience
• Transparent Service
• Check Reviews on Google & Instagram and Lets get Started!!
Let's Get Started
647-381-1492
realtor@jignesh.ca
5010 Steeles Ave. W., Suite 11A
Toronto ON M9V 5C6
Office: 416-747-97777
Fax: 416-747-7135
realtor@jignesh.ca
HOMELIFE
HIGHER STANDARDS
HomeLife/Miracle Realty Ltd., Brokerage
Each Office Independently Owned & Operated



# Happy New Year 2026 to Our Wonderful Community and Our Great Nation, Canada!

Happy New Year 2026

As we step into 2026, we reflect on the challenges we've faced and the many triumphs that have brought us closer together. Our community's strength, resilience, and unity have been inspiring. Together, we've built a place where kindness, support, and collaboration thrive.

We extend our heartfelt thanks to every individual who has contributed to making our community a better place. Whether through small acts of kindness or major efforts, each of you has played a part in creating a welcoming environment that we can all be proud of.

To our fellow Canadians, let us continue to honor our values of diversity, inclusion, and respect as we enter this new year. With every step forward, we strive to build a stronger, more compassionate nation, united in our differences and driven by our shared future.

May Year 2026 bring peace, prosperity, and joy to everyone, both near and far. Let's embrace the opportunities ahead with open hearts and open minds.

Here's to a bright future, together. Happy New Year!

- Bhavesh Bhatt, Brampton

## પ્રિય કેનેડિયન કોમ્યુનિટીના સ્નેહી પરિવારજનો,

કેનેડામાં નવા વર્ષની ઉજવણીના આ આનંદમય અવસરે અમારા સમગ્ર ગ્રુપ તરફથી આપ સૌને નવા વર્ષની દિલથી ખુબ ખુબ શુભેચ્છાઓ નવું વર્ષ આપના જીવનમાં આરોગ્ય, સુખ, શાંતિ, સમૃદ્ધિ અને સફળતાના નવા રંગો ભરે. પરિવાર સાથે પ્રેમ, એકતા અને સ્નેહ સતત વધતો રહે તથા કેનેડાની ધરતી પર આપ સૌના સપનાઓ સાકાર થાય એવી હૃદયપૂર્વક કામના. આવતા વર્ષમાં પણ અમારી કેનેડિયન કોમ્યુનિટી એકતા, સહકાર અને સંસ્કારોથી વધુ મજબૂત બને એજ નવી વર્ષની સાચી શુભેચ્છા છે.



હેપ્પી ન્યૂ યર.... નવું વર્ષ મુબારક....
આપના સૌના પોતાના,
અમારા ગ્રુપ તરફથી

**પ્રમુખ શ્રી અરિવિંનભાઇ શાહ**
યુનાઇટડ ગુજરાતી
સિનિયર્સ પરિવાર,
બ્રેમટન

## પ્રિય કેનેડિયન કોમ્યુનિટીના સ્નેહી પરિવારજનો,

કેનેડામાં નવા વર્ષની ઉજવણીના આ આનંદમય અવસરે અમારા સમગ્ર ગ્રુપ તરફથી આપ સૌને નવા વર્ષની દિલથી ખુબ ખુબ શુભેચ્છાઓ નવું વર્ષ આપના જીવનમાં આરોગ્ય, સુખ, શાંતિ, સમૃદ્ધિ અને સફળતાના નવા રંગો ભરે. પરિવાર સાથે પ્રેમ, એકતા અને સ્નેહ સતત વધતો રહે તથા કેનેડાની ધરતી પર આપ સૌના સપનાઓ સાકાર થાય એવી હૃદયપૂર્વક કામના. આવતા વર્ષમાં પણ અમારી કેનેડિયન કોમ્યુનિટી એકતા, સહકાર અને સંસ્કારોથી વધુ મજબૂત બને એજ નવી વર્ષની સાચી શુભેચ્છા છે.

હેપ્પી ન્યૂ યર.... નવું વર્ષ મુબારક.... આપના સૌના પોતાના, અમારા ગ્રુપ તરફથી



પ્રમુખશ્રી
**અમૃતભાઈ પંચાલ**



પ્રમુખશ્રી
**શરદભાઈ પટેલ**

આઈ લવ ગુજરાત ગ્રુપ કેનેડા

2026 Happy New Year

## પ્રિય કેનેડિયન કોમ્યુનિટીના સ્નેહી પરિવારજનો,

કેનેડામાં નવા વર્ષની ઉજવણીના આ આનંદમય અવસરે અમારા સમગ્ર ગ્રુપ તરફથી આપ સૌને નવા વર્ષની દિલથી ખુબ ખુબ શુભેચ્છાઓ નવું વર્ષ આપના જીવનમાં આરોગ્ય, સુખ, શાંતિ, સમૃદ્ધિ અને સફળતાના નવા રંગો ભરે. પરિવાર સાથે પ્રેમ, એકતા અને સ્નેહ સતત વધતો રહે તથા કેનેડાની ધરતી પર આપ સૌના સપનાઓ સાકાર થાય એવી હૃદયપૂર્વક કામના. આવતા વર્ષમાં પણ અમારી કેનેડિયન કોમ્યુનિટી એકતા, સહકાર અને સંસ્કારોથી વધુ મજબૂત બને એજ નવી વર્ષની સાચી શુભેચ્છા છે.



હેપ્પી ન્યૂ યર.... નવું વર્ષ મુબારક....
આપના સૌના પોતાના,
અમારા ગ્રુપ તરફથી

**એડમીન**
**શ્રી અમીધરભાઇ ભટ્ટ**
સરગમ કરાઓકે
ગ્રુપ કેનેડા

## પ્રિય કેનેડિયન કોમ્યુનિટીના સ્નેહી પરિવારજનો,

કેનેડામાં નવા વર્ષની ઉજવણીના આ આનંદમય અવસરે અમારા સમગ્ર ગ્રુપ તરફથી આપ સૌને નવા વર્ષની દિલથી ખુબ ખુબ શુભેચ્છાઓ નવું વર્ષ આપના જીવનમાં આરોગ્ય, સુખ, શાંતિ, સમૃદ્ધિ અને સફળતાના નવા રંગો ભરે. પરિવાર સાથે પ્રેમ, એકતા અને સ્નેહ સતત વધતો રહે તથા કેનેડાની ધરતી પર આપ સૌના સપનાઓ સાકાર થાય એવી હૃદયપૂર્વક કામના. આવતા વર્ષમાં પણ અમારી કેનેડિયન કોમ્યુનિટી એકતા, સહકાર અને સંસ્કારોથી વધુ મજબૂત બને એજ નવી વર્ષની સાચી શુભેચ્છા છે.



હેપ્પી ન્યૂ યર.... નવું વર્ષ મુબારક....
આપના સૌના પોતાના,
અમારા ગ્રુપ તરફથી

**ઉદય ચૌધરી**
પ્રમુખ,
ગરવી ગુજરાત સિનિયર પરિવાર,
બ્રેમ્પટન

# સ્વામી વિવેકાનંદ: જીવન જીવવાની સાચી સમજ અને પ્રેરણા



પરેશ શાહ - વડોદરા

સ્વામી વિવેકાનંદ માત્ર એક સાધુ નહોતા, પણ યુવાનો માટેના સાચા માર્ગદર્શક હતા. તેમના વિચારો આજે પણ આપણને જીવનમાં આગળ વધવાની શક્તિ આપે છે. ચાલો, તેમના જીવનના મુખ્ય વિચારોને સાદી ભાષામાં સમજીએ:

દરેક વ્યક્તિમાં ઈશ્વર જુઓ

સ્વામીજી માનતા હતા કે કોઈ માણસ નાનો કે મોટો નથી, દરેકના હૃદયમાં ભગવાન વસે છે.

જ્યારે સ્વામીજી જયપુરમાં હતા, ત્યારે તેમણે એક નૃત્યાંગનાના પ્રોગ્રામમાં જવાની ના પાડી દીધી હતી કારણ કે તેઓ સંન્યાસી હતા. પણ જ્યારે તે સ્ત્રીએ ભક્તિભાવથી ભજન ગાયું કે “હે પ્રભુ, મારા અવગુણોને ધ્યાનમાં ન લેશો”, ત્યારે સ્વામીજીને સમજાયું કે પવિત્રતા તો મનમાં હોય છે. તેમણે તે સ્ત્રીમાં પણ ઈશ્વરના દર્શન કર્યા અને પોતાની ભૂલ સ્વીકારી.

ક્યારેય કોઈને તેના કામ કે દેખાવથી નીચું ન ગણવું જોઈએ.

આજના સમયમાં આપણે ફક્ત પુસ્તકો વાંચીને પરીક્ષા પાસ કરીએ તેને ભણતર માનીએ છીએ, પણ સ્વામીજીના મતે આ સાચું શિક્ષણ નથી.

શિક્ષણ એટલે મગજમાં માહિતીનો ઢગલો કરવો નહીં, પણ ‘ચરિત્ર ઘડતર’ કરવું. જે ભણતર આપણને સારો માણસ ન બનાવે તે નકામું છે.

જો એક વિદ્યાર્થી ખૂબ ભણેલો હોય પણ તે વડીલોનું સન્માન ન કરે કે મુસીબતમાં કોઈને મદદ ન કરે, તો સ્વામીજીના મતે તે અશિક્ષિત છે. સાચું શિક્ષણ એ છે જે તમને આત્મવિશ્વાસ આપે.

ઘણીવાર આપણે પરિણામની ચિંતામાં કામ બગાડીએ છીએ. સ્વામીજી કહેતા કે કામ એવી રીતે કરો કે જાણે તમે પૂજા કરી રહ્યા છો.

એકાગ્રતા વિશે તેઓ કહેતા કે જો તમે ભણી રહ્યા છો, તો તમારું આખું ધ્યાન માત્ર ભણવામાં જ હોવું જોઈએ, મોબાઈલ કે રમત ગમતમાં નહીં. જો તમે પૂરી શક્તિથી કામ કરશો, તો સફળતા અને પૈસા તમારી પાછળ આપોઆપ આવશે.

મૂળ મંત્ર: “કામ કરો, કામ કરો. મરણની ઘડી સુધી કામ કરો.”

સ્વામીજીએ હંમેશા શીખવ્યું છે કે મુસીબતોથી ભાગવાને બદલે તેની સામે ઊભા રહેતા શીખો. “દુ:ખના પંખીઓને તમારા માથા પર ઉડતા તમે રોકી શકતા નથી, પણ તેમને તમારા માથા પર માળો બાંધતા તો જરૂર રોકી શકો છો.” એટલે કે, ખરાબ વિચારો કે પરિસ્થિતિ આવે તે સ્વાભાવિક છે, પણ તેને મન પર હાવી ન થવા દેવી એ આપણા હાથમાં છે.

તેમનો સૌથી પ્રખ્યાત સંદેશ હતો: “ઊઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો.”

આળસ છોડો, તમારા સપના પ્રત્યે જાગૃત બનો અને જ્યાં સુધી તમે સફળ ન થાઓ ત્યાં સુધી હાર ન માનો.

સ્વામી વિવેકાનંદના જીવન પરથી આપણને શીખવા મળે છે કે સાચી શક્તિ આપણા મનની અંદર જ છે. જો આપણે નીડર બનીએ, બીજાનું સન્માન કરીએ અને પૂરી લગનથી મહેનત કરીએ, તો દુનિયામાં કંઈ પણ અશક્ય નથી.



# હિન્દીથી ગૌરવાન્વિત ભારતવર્ષ

લેખક- હસમુખ બી. પટેલ, 'હર્ષ'-'પરખ', અમદાવાદ-નારદીપુર

દર વર્ષે 10 જાન્યુઆરી સમગ્ર વિશ્વમાં 'વિશ્વ હિન્દી દિવસ' (World Hindi Day) તરીકે ઉજવવામાં આવે છે. ભારત સરકારે 10 જાન્યુઆરી 2006 ના રોજ આ દિવસ 'ભારતની રાષ્ટ્રભાષા' ( Mother Tongue of India ) તરીકે ઉજવવાનું શરૂ કર્યું. વિશ્વભરમાં ભારતીય દૂતાવાસો આ દિવસે હિન્દી ભાષા સંબંધિત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરે છે. વિશ્વ હિન્દી દિવસ ઉજવવાનો હેતુ સમગ્ર વિશ્વમાં હિન્દીને પ્રોત્સાહન આપવાનો છે. આ માટે દર વર્ષે એક થીમ ( Theme ) બહાર પાડવામાં આવે છે. હિન્દી ભાષા અને સમગ્ર ભારતવર્ષ માટે 10મી જાન્યુઆરી ખૂબ જ ખાસ દિવસ છે. આ દિવસ સંસ્કૃતિઓને એક કરવા અને સંદેશાવ્યવહારને પ્રોત્સાહન આપવામાં હિન્દીની ભૂમિકાને પ્રકાશિત કરે છે. હિન્દી, વિશ્વમાં સૌથી વધુ બોલાતી ભાષાઓમાંની એક હોવાને કારણે, તેનો સમૃદ્ધ વારસો છે. વર્ષોથી, હિન્દી વૈશ્વિક સ્તરે ત્રીજી સૌથી વધુ બોલાતી ભાષા બની છે, 600 મિલિયનથી વધુ લોકો હિન્દીનો ઉપયોગ સંચાર, વ્યવસાય અને સાંસ્કૃતિક વિનિમય માટે કરે છે.

હિન્દી ભાષા વિશ્વમાં સૌથી વધુ બોલાતી ભાષાઓમાંની એક છે. ભારત ઉપરાંત, આ ભાષા ગુયાના, સુરીનામ, નેપાળ, મોરેશિયસ, ત્રિનિદાદ અને ટોબેગો અને ફિજી જેવા અન્ય દેશોમાં પણ બોલાય છે. 10 જાન્યુઆરી, 1975ના રોજ મહારાષ્ટ્રના નાગપુરમાં પ્રથમ હિન્દી દિવસ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સંમેલનનો હેતુ સમગ્ર વિશ્વમાં હિન્દીને પ્રોત્સાહન આપવાનો હતો. હિન્દીના પ્રચાર માટે આયોજિત આ સંમેલનમાં 30 દેશોના 122 પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. આ કોન્ફરન્સનું ઉદ્‌ઘાટન તત્કાલિન વડાપ્રધાન ઈન્દિરા ગાંધીએ કર્યું હતું. વિશ્વભરની ઘણી યુનિવર્સિટીઓમાં હિન્દી ભાષાનો અભ્યાસ કરવામાં આવે છે અને હિન્દી વિશ્વની ત્રીજી સૌથી વધુ બોલાતી ભાષા છે. હિન્દી શબ્દ ફારસી શબ્દ હિંદ પરથી આવ્યો છે, જેનો અર્થ થાય છે સિંધુ નદીનો દેશ. હિન્દી માત્ર એક ભાષા નથી પણ ભારત દેશની રાષ્ટ્રભાષા પણ છે. 1975માં જ, યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા, ત્રિનિદાદ, યુનાઈટેડ કિંગડમ, મોરેશિયસ અને ટોબેગોએ પણ વિશ્વ હિન્દી સંમેલનનું આયોજન કર્યું હતું. વિશ્વ હિન્દી દિવસ અને રાષ્ટ્રીય હિન્દી દિવસ એ બંને દિવસની ઉજવણીનો દિવસ અલગ છે. રાષ્ટ્રીય હિન્દી દિવસ તારીખ 14 સપ્ટેમ્બરના રોજ ઉજવવામાં આવે છે.




## વિશ્વ હિન્દી દિવસ 2026નું મહત્વ

વિશ્વ હિન્દી દિવસ 2026 જુદા જુદા કારણોસર બહુ જ મહત્વપૂર્ણ સાબિત થવાનો છે. આ દિવસ એક તરફ વિશ્વ સ્તરે હિન્દીના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાની યાદ અપાવશે અને બીજી તરફ દેશભરના લોકોને હિન્દીના અવિસ્મરણીય વારસા થકી એકતા જગાવશે. છે. આવો, આપણે ભારતવર્ષના સંનિષ્ઠ અને પ્રતિબદ્ધ નાગરિક તરીકે વર્ષ 2026ના વિશ્વ હિન્દી દિવસની ઉજવણીમાં નીચેના મુદ્દાઓને સંલગ્ન આપણું કર્તવ્યપાલન કરીએ.

હિન્દીના વારસાનું જતનઃ સાંસ્કૃતિક અને સાહિત્યિક કાર્યક્રમો, ચર્ચાઓ, પરિસંવાદો વિગેરેના આયોજન દ્વારા ભાવિ પેઢીઓ માટે હિન્દી ભાષાની અસ્મિતા જાળવવામાં મદદરૂપ થવું.નવી પેઢીને હિન્દી માટે લગાવ ઉત્પન્ન કરવા વિવિધ કાર્યક્રમો કરવા. ભાષાકીય વિવિધતાને પ્રોત્સાહન આપવુંઃ આપણા દેશનું શાશ્વત સમરસ સૂત્ર વિવિધતામાં એકતા છે. વિવિધ પ્રાદેશિક ભાષાની સાથે હિન્દીના ઉપયોગને પ્રોત્સાહન આપવું અને સર્વને પ્રાદેશિક ભાષા સાથે હિન્દી માટે સંવેદના જગાડવી.

વૈશ્વિક સંચારને વધારવોઃ વૈશ્વિક સ્તર પર હિન્દીના પ્રસાર, પ્રચાર અને પ્રકાશન થકી ખાસ કરીને ભારતીય ડાયસ્પોરા ( ભારતીય મૂળના લોકો જે ભારતીયો છે અને જેઓ ભારતની બહાર રહે છે, જન્મ બહારના દેશોમાં થયેલો છે પણ મૂળ ભારતીય છે, બિન-નિવાસી ભારતીયો ભારતના નાગરિકો છે પણ હાલ ભારતમાં રહેતા નથી )ના તમામ લોકો સાથે હિન્દીનો વારસો સમજાવવો. મોરેશિયસ, નેપાળ, ગુયાના, ફુજી, આફ્રિકા અને મધ્ય પૂર્વના દેશો સાથે સંચારમાં હિન્દીની નિર્ણાયક ભૂમિકા ઊભી કરવી.

સાંસ્કૃતિક વિનિમયઃ વિશ્વ હિન્દી દિવસની ઉજવણી થકી હિન્દી સાહિત્ય, સંગીત, ફિલ્મો, કલા, નાટકોને આંતરરાષ્ટ્રીય સ્તર ઉપર પ્રસારિત કરી આંતર-સાંસ્કૃતિક વિનિમય કરવો. અન્ય સંસ્કૃતિ સાથે સાંસ્કૃતિક સમન્વય દ્વારા સાયુજ્યની ભાવના પ્રબળ કરવી.

હિન્દી શીખવા માટે પ્રોત્સાહિત કરવું : વૈશ્વિક સ્તરે હિન્દી શીખવવાથી હિન્દી શીખવાની રુચિ વધશે. અને હિન્દી નહીં જાણનારા મૂળ ભારતીયોને વિશ્વ હિન્દી દિવસ થકી હિન્દી ભાષા બોલવા ને લખવા માટે તૈયાર કરવા.

## વિશ્વ હિન્દી દિવસની પાછલાં વરસોની કેટલીક યાદગાર થીમ

"હિન્દીઃ એકતા અને સાંસ્કૃતિક ગૌરવનો વૈશ્વિક અવાજ", "હિન્દીઃ વિધવિધ સંસ્કૃતિઓનો સેતુ- વિશ્વનું જોડાણ", "હિન્દીઃ રાષ્ટ્રીય એકતા અને વિશ્વ ઓળખની શક્તિ", "હિન્દીઃ પારંપરિક જ્ઞાનથી કૃત્રિમ બુદ્ધિમત્તા સુધી", "વિશ્વમાં હિન્દીનો પ્રચાર", "હિન્દી અને ભારતીય સંસ્કૃતિ ", "હિન્દી અને નયા ભારત", "હિન્દી : પ્રત્યેક ભારતીયની ભાષા",

આ થીમના ઉદ્દેશ્ય આંતરરાષ્ટ્રીય અને ભાષાકીય આદાનપ્રદાનને પ્રોત્સાહન આપવા માટે હિન્દી ભાષા પર ધ્યાન કેન્દ્રિત કરવાનો છે.વર્તમાન સમયમાં ડીજીટલ માધ્યમથી અને સર્વગ્રાહી ટેકનોલોજીથી વિશ્વ અંદરોઅંદર વધારે ને વધારે જોડાઈ રહ્યું છે ત્યારે સંચાર, સંદેશાવ્યવહાર અને સાંસ્કૃતિક વિનિમયના માધ્યમ તરીકે હિન્દીની ભૂમિકા સતત વધી રહી છે. આવો, આપણે સૌ પણ કેનેડાના અગ્રગણ્ય ગુજરાતી અઠવાડિક 'ગરવી ગુજરાત' મારફતે તા. ૧૦ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ ઊજવાનાર 'વિશ્વ હિન્દી દિવસ'ની ( World Hindi Day ) ઉજવણી કરીએ. એક જાગૃત ભારતીય નાગરિક તરીકે અને એક ઉમદા સાહિત્યકાર / વાચક તરીકે 'ગરવી ગુજરાત'ના માધ્યમથી સમગ્ર વિશ્વમાં આપણી રાષ્ટ્રભાષા હિન્દીને વિશ્વ ફલક ઉપર વધારે સુદ્રઢ અને અસરકારક બનાવીએ.

## વિશ્વ હિન્દી દિવસ વિશે

આ તારીખ 1949 માં ઐતિહાસિક ક્ષણની યાદમાં આવે છે, જ્યારે સંયુક્ત રાષ્ટ્ર મહાસભા (UNGA)માં હિન્દી પ્રથમ વખત બોલવામાં આવી હતી.

1975 માં, પ્રથમ વિશ્વ હિન્દી પરિષદનું ઉદ્‌ઘાટન વડા પ્રધાન ઈન્દિરા ગાંધી દ્વારા કરવામાં આવ્યું હતું, જે હિન્દીની વૈશ્વિક માન્યતા તરફ એક મહત્વપૂર્ણ પગલું હતું.

10મી જાન્યુઆરી 2006ના રોજ નિયુક્ત થયેલો વિશ્વ હિન્દી દિવસ 14મી સપ્ટેમ્બરે ઉજવવામાં આવતા હિન્દી દિવસથી અલગ છે, કારણ કે હિન્દી દિવસ 1949માં હિન્દીને ભારતની સત્તાવાર ભાષાઓમાંની એક તરીકે અપનાવે છે.

## મહત્વ

હિન્દી, 600 મિલિયનથી વધુ બોલનારાઓ સાથે, વૈશ્વિક સ્તરે ત્રીજી સૌથી વધુ બોલાતી ભાષા છે અને ભારતમાં સૌથી વધુ બોલાતી ભાષા છે. સંચારની વૈશ્વિક ભાષા તરીકે હિન્દીના મહત્વ વિશે જાગૃતિ લાવવા માટે આ દિવસ મનાવવામાં આવે છે.

## હિન્દીની બંધારણીય સ્થિતિ

બંધારણની કલમ 343 હેઠળ હિન્દીને સત્તાવાર હેતુઓ માટે અંગ્રેજીની સાથે ભારતની સત્તાવાર ભાષા તરીકે માન્યતા આપવામાં આવી છે. તે 8મી સૂચિમાં પણ સૂચિબદ્ધ છે, જેમાં સત્તાવાર ઉપયોગ માટે માન્ય 22 ભાષાઓનો સમાવેશ થાય છે.


Nisaji
Investments Inc
HAPPY
New Year
Dipak Patel
647-782-5425


M.R. Agro
India Pvt Ltd.
MitRam
INDIAN GROCERY
Happy
NEW YEAR
2026
Carrying Our Legacy of Flavour into 2026!!


Happy New Year
2026
Ravi Patel
Real Estate Salesperson
+1(519)-991-7196
realtorravipatel@gmail.com

# ફરિસ્તો – નિસ્વાર્થ મદદ અને માનવતા

લેખકઃ નિર્મળાબેન દરજી, રિટાયર્ડ શિક્ષિકા કેનેડા

મુશ્કેલીના સમયે કોઈ વ્યક્તિ આપણી વહારે આવે છે. ત્યારે આપણે તેને ફરિસ્તો કહીએ છીએ. આ ફરિસ્તો કોઈ પણ હોઈ શકે છે. એક અજાણ્યો વ્યક્તિ, એક મિત્ર કે પછી આપણા પરિવારનું કોઈ સભ્ય.

જ્યારે ઈશ્વર પર અતૂટ શ્રદ્ધા હોય છે. ત્યારે કેટલીક વખત ઈશ્વર પોતે મદદ કરવા માટે ન આવી શકે તો તે કોઈ વ્યક્તિને તમારા જીવનમાં મોકલે છે. આને આપણે ફરિસ્તા તરીકે ઓળખીએ છીએ. એ ફરિસ્તાની ઓળખ એ છે કે તે કોઈ પણ અપેક્ષા વગર મદદે આવે છે. સૌથી ખરાબ સમયમાં તે આપણી પડખે ઉભા રહી હારી ગયેલાને ફરીથી ઉભા થવાની તાકાત આપે છે.

જો આપણે એવી કોઈ પરિસ્થિતિમાં હોઈએ ત્યારે હિંમતની જરૂર પડે છે. ત્યારે યાદ રાખવુ જોઈએ કે દરેક કાળી રાત પછી સવાર જરૂર પડે છે. ફરિસ્તો એ નથી જેની પાસે પાંખો છે. પણ એ છે કે અણીના સમયે વહારે આવીને આપણને આગળ વધવાની કે આંસુ લુછવાની શક્તિ ધરાવે છે.

જ્યારે મહત્વના દસ્તાવેજો જેવા કે પાસપોર્ટ, વિઝા કે અન્ય કાગળો બીજા દેશમાં રહી ગયા હોય અને ફ્લાઈટ ચૂક જવાનો ડર હોય, ત્યારે મદદ કરનાર વ્યક્તિ કોઈ ફરિસ્તાથી ઓછી નથી હોતી. આવી મુશ્કેલભરી પરિસ્થિતિમાં ઘણા લોકો ફરિસ્તા સાબિત થઈ શકે છે.

જેમ કે એરપોર્ટ ગ્રાઉન્ડ સ્ટાફ અને ડ્યુટી ઓફિસર ઘણીવાર આપણે એરપોર્ટ પર સ્ટાફ સાથે દલીલ કરીએ છીએ. પણ જો આપણે શાંતિથી આપણી પરિસ્થિતિ સમજાવીએ તો ત્યાંનો કોઈ સ્ટાફ મેમ્બર સિસ્ટમની બહાર જઈને પણ આપણી મદદ કરી શકે છે. તેઓ તમારી ફ્લાઈટ રિશેડ્યૂલ કરવામાં અથવા દસ્તાવેજો મેળવવા માટે એરલાઈન્સના નેટવર્કનો ઉપયોગ કરવામાં મદદ કરી શકે છે.



દુનિયામાં એવી કેટલીક પ્રીમિયમ કુરિયર સેવાઓ છે જે **Next Flight Out** જેવી સુવિધાઓ આપે છે. જો કોઈ એજન્ટ રાત દિવસ જોયા વગર તમારા ડોક્યુમેન્ટસ્ એરપોર્ટ સુધી પહોંચાડે. તો તે સમયનો સૌથી મોટો ફરિસ્તો છે. વિદેશ મંત્રાલય કે એમ્બેસીના અધિકારીઓ પણ ઈમરજન્સીમાં ટ્રાવેલ ડોક્યુમેન્ટ બનાવી આપે છે. ત્યારે તે જીવનદાતા સમાન સાબિત થાય છે.

આજના સમયમાં ટેક્નોલોજી પણ ફરિસ્તાથી કમ નથી. ટ્વિટર પર એરલાઈન્સને ટેગ કરવાથી ત્વરિત ઉકેલ મળે છે. અથવા એવો કોઈ અજાણ્યો વ્યક્તિ જે તે દેશમાં હોય અને તમારા દસ્તાવેજો લઈને એરપોર્ટ પર કોઈ મુસાફર સાથે મોકલી આપે તે નિ:સ્વાર્થ મદદ કરનાર વ્યક્તિ પણ ફરિસ્તો જ કહેવાય.

આવી પરિસ્થિતિમાં ખુબ જ શાંત રહી ગભરાટ વગર નિર્ણય લેવાથી સ્થિતિ વધુ બગડી શકતી નથી.

આવા આજના સ્વાર્થી યુગમાં મદદે આવનાર ફરિસ્તાઓ જ દુનિયામાં વિશ્વાસ ટકાવી રાખે છે.

એવા દયાળુ લોકો કે જેઓ નિસ્વાર્થ રહીને માનવતા માટે કામ કરતા ફરિસ્તાઓને હૃદયપૂર્વક કોટિ કોટિ નમન.. આભાર...







HOMELIFE
HIGHER STANDARDS
HomeLife/Miracle Realty Ltd.

Brokerage, Independently Owned & Operated

Happy New Year 2026

**SANJU PATEL**
Broker

DIRECT 647-721-0491
OFFICE 905-454-4000
FAX 905-463-0811

REALTOR®
MLS MULTIPLE LISTING SERVICE®

Email realtorsanju@gmail.com
Web www.shivbijhomes.com



# તમારી મમ્મી, બહેન કે નાનીને બ્રેસ્ટ કેન્સર થયું હોય તો BRCA ટેસ્ટ કરાવો, બ્રેસ્ટ સેલ્ફ એક્ઝામિનેશન અને 40 પછી વર્ષમાં એકવાર મેમોગ્રાફી મસ્ટ !!!

**બ્રેસ્ટ કેન્સર વારસાગત છે, જો આ વારસાને અટકાવવો હશે તો દિકરીઓએ જાગૃત થવું પડશે-બ્રેસ્ટ કેન્સરનું નિદાન સમય કરતા વહેલું શક્ય છે-એટલે જેમનાં પરિવારમાં બ્રેસ્ટ કેન્સર હોય એમણે ખાસ કાળજી લેવી.**

## અનન્ય સિટી, સુરત

ભારતમાં બ્રેસ્ટ કેન્સર ખૂબ કોમન છે. WHO અને ICMRનાં અહેવાલ પ્રમાણે દર 4માંથી 1 મહિલાને બ્રેસ્ટ કેન્સર થાય છે. બ્રેસ્ટ કેન્સર જીનેટિકલી થઇ શકે છે-એટલે કે જો તમારા પરિવારમાં તમારી મમ્મી કે નાની બ્રેસ્ટ કેન્સર હોય તો તમને થવાની શક્યતા વધી જાય છે. હવે સવાલ એ છે કે-જો મમ્મી કે નાનીને બ્રેસ્ટ કેન્સર હોય તો દિકરીએ શું કાળજી લેવી જોઇએ?

## પરિવારમાં કોને બ્રેસ્ટ કેન્સર હોય તો દિકરીને થવાની શક્યતા વધારે છે?

-મમ્મી કે બહેન-જે તમારા ફર્સ્ટ ડિગ્રી રિલેટીવ છે. આવા સંજોગોમાં તમને બ્રેસ્ટ કેન્સર થવાનું જોખમ સામાન્ય મહિલાની સરખામણીમાં બમણું છે. એ પછી સેકંડ ડિગ્રી રિલેટીવ એટલે કે નાની-દાદી કે માસી-ફોઇને બ્રેસ્ટ કેન્સર હોય તો જોખમ સહેજ વધે છે.

## BRCA ટેસ્ટ કરાવો...

બ્રેસ્ટ કેન્સર થવા માટે BRCA1/BRCA2 જનીન સૌથી મોટા પરિબળ છે. જો તમારા પરિવારમાં તમારી મમ્મીને કે બહેનને કે નાનીને બ્રેસ્ટ કેન્સર થયું હોય તો તમારે BRCA ટેસ્ટ કરાવી લેવો જોઇએ. જો BRCA મ્યુટેશન હાજર હશે તો તમને જીંદગીમાં કોઇપણ સમયે બ્રેસ્ટ કેન્સર થવાની શક્યતા વધી જશે. આ ટેસ્ટ




**લેખક : ડોક્ટર શ્રી નિકુંજભાઈ વિઠલાણી**
**કેન્સર સ્પેશિયાલિસ્ટ સુરત ગુજરાત**

કરાવવાનો ફાયદો એ છે કે તમને બ્રેસ્ટ કેન્સર થવાનું છે કે નહીં એની જાણ અગાઉથી થઇ શકશે અને તમે એ પ્રમાણે પ્રિકોશન્સ લઇ શકશો. જેથી શરૂઆતનાં સ્ટેજ પર બ્રેસ્ટ કેન્સરનું નિદાન અને સારવાર શક્ય થઇ શકશે.

## ઉંમરનાં આ ગાળામાં આટલું ખાસ કરજો....

-20થી 39 વર્ષની ઉંમર : તમારે ત્રણ વર્ષે એકવાર ક્લિનીકલ બ્રેસ્ટ એક્ઝામિનેશન કરાવવું જોઇએ. આ એક્ઝામિનેશન તમારા ગાયનેક પાસે કરાવી શકો છો.

-40 વર્ષ પછી વર્ષમાં એકવાર મેમોગ્રાફી કરાવવી જોઇએ. જે કેન્સરનાં રિસ્કને અગાઉથી પકડવામાં તમારી મદદ કરશે.

- જો તમારા પરિવારમાં નજીકનાં સંબંધીને નાની ઉંમરે બ્રેસ્ટ કેન્સર થયું હોય તો તમારે મેમોગ્રાફી ડોક્ટરની સલાહથી વહેલી શરૂ કરાવવી જોઇએ.

## બ્રેસ્ટ સેલ્ફ એક્ઝામિનેશન

દરેક દિકરીઓએ સેલ્ફ બ્રેસ્ટ એક્ઝામિનેશન નિયમિતપણે કરવું જોઇએ. દર મહિને પિરિયડ્સ પૂરા થાય એ પછીનાં પાંચમા કે સાતમા દિવસે બ્રેસ્ટ સેલ્ફ એક્ઝામિનેશન કરવું જોઇએ. જો બ્રેસ્ટમાં કોઇપણ પ્રકારનાં ફેરફાર જણાય, ગાંઠ દેખાય, નિપલ ડિસ્ચાર્જ થતો હોય તો તરત જ ગાયનેકોલોજીસ્ટને મળવું જોઇએ.

## સ્મોકિંગ-આલ્કોહોલથી દૂર રહો...

આ સિવાય દિકરીઓએ સ્મોકિંગ-આલ્કોહોલની આદતથી દૂર રહેવું જોઇએ. નિયમિતપણે એક્સરસાઇઝ કરવી જોઇએ. બર્થ કંટ્રોલ પીલ્સ અને હોર્મોન થેરાપી ડોક્ટરની સલાહ વિના ના લેવી જોઇએ.

## આ છે વોર્નિંગ સાઇન....

- બ્રેસ્ટ અથવા બગલમાં ગાંઠ
- નિપલમાંથી બ્લિડીંગ અથવા તો ડિસ્ચાર્જ
- બ્રેસ્ટની સ્કિનમાં ખાડાવાળી-નારંગીની છાલ જેવી રચના

-બ્રેસ્ટનાં કદ અને આકારમાં અચાનક ફેરફાર.


EDM Elite Digital Marketing LETS BE POPULAR

ELITE
PRINT & DIGITAL MARKETING

Merry Christmas

Lowest Price

- Business Card, Flyers, Brochures, Posters Banners etc.
- All other Printing
- Website Development
- Social Media Management/SEO

2026 Happy New Year

- Graphic Design
- Excel VBA consulting
- Automation Project
- Start Up Consulting

facebook Link    Chat    Let's Start!

Let's Be popular

Find on Google

Parth Patel
647 655 5029

# સફળ નેતા (લીડર)ના ગુણો



લેખક ઘનશ્યામ પટેલ (ખુશ) કેલગરી, કેનેડા.

આજના યુગમાં શૈક્ષણિક ,સામાજિક, વ્યવસાયિક અને રાજકારણ વગેરે ક્ષેત્રમાં સારા લીડરની જરૂર છે. સારા નેતા (લીડર) બનવા નેતા માં કેટલાક લક્ષણો હોવા જરૂરી છે .

### ૧. ટીમ વર્ક

તમારું લક્ષ્ય નક્કી કરી ટીમના તમામ કર્મચારીઓને, વ્યક્તિઓને વિશ્વાસમાં લઈ જાણ કરો અને તેને પૂરો કરવા જણાવો .સારું કાર્ય કરનારની કદર કરો .તેમને પ્રોત્સાહિત કરો, પ્રેરણા આપો. શાબાશીના બે શબ્દો કહો. તેમનો ઉત્સાહ વધશે અને સારી રીતે લક્ષ્ય પૂર્ણ કરવા લાગી જશે. બધા સાથે મળીને ટીમવર્ક થી કાર્ય કરે તો ખૂબ જ સારી સફળતા મળશે.

### ૨. કામની વહેંચણી

દરેક વ્યક્તિની અલગ અલગ ખાસિયત હોય છે .અલગ અલગ વિષયમાં રસ, રુચિ અને આવડત હોય છે. તેને હીરાઘસુની માફક પારખી જે તે વ્યક્તિને તે અનુસાર કામની વહેંચણી કરો અને સમય મર્યાદામાં પૂર્ણ કરવા સાહજિકતાથી જણાવો. પરિણામ સારું જ મળશે. બધું કામ પોતે જ કરવો એવો હઠાગ્રહ ન રાખવો. યોગ્ય સમયે યોગ્ય વ્યક્તિને તેનામાં વિશ્વાસ રાખી કામ સોંપી કામની વહેંચણી કરવાથી નિયત સમયમાં કાર્ય પૂર્ણ થાય છે. લીડરને Stress થતો નથી .

### ૩. સહભાગીદારી

કોઈપણ કાર્યમાં નિર્ણય લેવામાં પોતાના સહ કર્મચારી નો નિર્ણય પણ લેવો. અંતિમ નિર્ણય તમારે લેવો પણ સર્વાનુમતે થયેલ સારો નિર્ણય સ્વીકારવામાં વાંધો ન હોવો જોઈએ. આમ કરવાથી કર્મચારી ઉત્સાહથી કામ કરશે. લોકશાહીનો અનુભવ કરશે અને તેમને તમે બોસગીરી કરી રહ્યા છો તેવું લાગશે નહીં.

### ૪. હળવું વાતાવરણ

કામની જગ્યાએ અથવા સંસ્થામાં હળવું વાતાવરણ રાખવું, તેથી હસતા મુખે સહુ કાર્ય કરે. વાતાવરણને ગંભીર બનાવવાથી સારી રીતે કાર્ય થઈ શકે નહીં.

### ૫. પ્રતિભાવ (ફીડબેક)

સમયાંતરે કર્મચારીઓનો પ્રતિભાવ લેવો. તેમણે આપેલા પ્રતિભાવ ઉપર વિચાર કરી અમલમાં મુકવા જેવા હોય તો જરૂર સ્વીકાર કરી તેને ધન્યવાદ આપી અમલમાં મુકવા.

### ૬. પરિસ્થિતિ પ્રમાણે બદલાવ કરો

જડ વલણ કે વર્તન રાખવાને બદલે પરિસ્થિતિ પ્રમાણે અનુકૂળ થવું. બદલાતી જતી દુનિયા સાથે તાલ મિલાવી પોતાની જાતને અપડેટ રાખો .તેનો લાભ જે તે કંપનીને કે સંસ્થાને મળશે.

### ૭. કર્મચારીને સાંભળો

સારા શ્રોતા બનો. કર્મચારીને સાંભળ્યા વિના ઉતાવળે કોઈ નિર્ણય ન લેવો. તેમને સાંભળવાથી વધુ માહિતી મળશે જે સરવાળે તમને કે કંપનીને મદદકર્તા થશે, ફાયદો થશે. મુક્ત મને ચર્ચા કરો ટીમના દરેક સભ્ય સાથે પારિવારિક સંબંધ બનાવો.

### ૮. નમ્ર અને વિવેકી સ્વભાવ રાખો

સંસ્થાઓમાં પાવરથી નહીં પણ પ્રેમથી કાર્ય કરાવી શકાય. Thank You, Please, Sorry જેવા શબ્દો વાપરવામાં કંજુસાઈ ન કરવી, કારણ તેનું મૂલ્ય ઘણું ઊંચું હોય છે. કઠોર, રૂક્ષ , કડક કે કડવા થવું નહીં. પ્રેમથી ઘણું કાર્ય કરાવી શકાય છે.

### ૯. સમય પાલન અને શિસ્ત

સ્વનિયંત્રણ એ સફળતાની ચાવી છે .સારા નેતા થવા માટે નેતાએ સમય પાલન કરવું ખૂબ જરૂરી છે કારણ, મોટા ભાગે એમના સભ્યો તેમનું અનુકરણ કરે છે. નેતા મોડા આવે તો કર્મચારી કે વ્યક્તિ મોડો જ આવે છે. શિસ્તને પ્રાધાન્ય આપવું.

### ૧૦. પ્રતિબધ્ધતા અને માર્ગદર્શન

સંસ્થા કે કંપનીના કાર્યો માટે પ્રતિબધ્ધતા દાખવવી. પ્રમાણિક અને નિષ્ઠાપૂર્વક જવાબદારી સંભાળવી. તેમના સભ્યોને કંપની કે સંસ્થાના વિકાસ માટે જરૂરી માર્ગદર્શન આપવું. ક્ષતિઓ અંગે અંગુલિનિર્દેશ કરવો અને ભૂલો સુધારવી. આમ સફળ નેતા થવા ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં રાખી શ્રેષ્ઠ નેતા બનવા પ્રયાસ કરવો અને સિદ્ધિ ના શિખરો સર કરો.








HAPPY NEW YEAR
from
DON PATEL's
desk
TO YOU ALL
2026
Happy
New Year


AFFINITY
MORTGAGE
SOLUTIONS INC
DOMINION LENDING
CENTRES
BANK OF CANADA
CUTS KEY INTEREST
RATE BY 0.25%
Kunj Parikh
Mortgage Agent Level 1
647-774-7196
300 - 140 Allstate Parkway, Markham, ON L3R 5YR
Independently Owned & Operated FSRA#13093
Happy New Year
2026
Lower Payments? Increased Buying Power!
Let's Connect!


JTP FINANCIAL
SERVICES
2026
Happy New Year
Financial Freedom Starts Here
Mastering Your money
Building Your Wealth Starts With Making the Right Financial Choice
Why Choose Us?
Our Key Offerings
• Personal Financial Planning
• Life Insurance
• Disability Insurance
• Critical Illness Coverage
• Group/Business Insurance
• Health & Travel Insurance
• Registered Education Savings Plan (RESP)
• Registered Retirement Savings Plan (RRSP)
• Tax-Free Savings Account (TFSA)
• Annuities
• Registered Retirement Income Fund (RRIF)
• Life Income Fund (LIF)
• Investment Strategies
• Wealth Management
• Retirement Planning
JOYCE TSANG-PATEL
FINANCIAL STRATEGIST
FSRA (LICENSE NO. 24226879)
JOYCE TSANG-PATEL
Phone Number:
416-845-1323
Website:
www.jtpfinancial.ca

# દુનિયાભરમાં ન્યૂ યરનું ગ્રાન્ડ વેલકમ

ભારત સહિત સમગ્ર વિશ્વમાં વર્ષ 2026નું આગમન થઈ ચૂક્યું છે. દિલ્હીમાં ઈન્ડિયા ગેટ પર લોકોએ કાઉન્ટડાઉન સાથે નવા વર્ષને વધાવ્યું હતું, જ્યારે જમ્મુ-કાશ્મીરમાં હિમવર્ષા વચ્ચે ઉજવણી કરવામાં આવી હતી. સૌથી પહેલા ન્યૂઝીલેન્ડે 2026માં પ્રવેશ કર્યો, જ્યાં ઓકલેન્ડના સ્કાય ટાવર પર ભવ્ય આતશબાજી કરવામાં આવી હતી. જાપાન, ચીન, સિંગાપોર, UAE, ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયા સહિત અનેક દેશોમાં આતશબાજી અને પરંપરાગત આયોજનો સાથે નવું વર્ષ મનાવવામાં આવ્યું હતું. અલગ-અલગ ટાઈમ ઝોનને કારણે ભારત પહેલાં 29 દેશોમાં 2026નું સ્વાગત થયું હતું.

નેધરલેન્ડના એમ્સ્ટર્ડમમાં નવા વર્ષની ઉજવણી દરમિયાન ઐતિહાસિક વોન્ડેલ ચર્ચમાં આગ લાગી ગઈ, જેના કારણે સમગ્ર વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. આગ લાગ્યા બાદ તાત્કાલિક ઈમર્જન્સી એલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું. નવું વર્ષ ટાઈમ ઝોન મુજબ રાત્રે 12 વાગ્યે આવે છે. સૌથી પહેલા એ દેશ નવું વર્ષ ઊજવે છે, જે સૌથી પૂર્વમાં છે (જેમ કે કિરિબાતી અને ન્યૂઝીલેન્ડ). ત્યાર બાદ ધીરે-ધીરે બાકીના ટાઈમ ઝોનમાં નવું વર્ષ આવે છે. ન્યૂઝીલેન્ડમાં ભારત કરતાં સાડા 7 કલાક પહેલાં અને અમેરિકામાં ભારત કરતાં સાડા 9 કલાક પછી નવું વર્ષ શરૂ થાય છે. આખી દુનિયામાં નવું વર્ષ આવવાની પ્રક્રિયા અંદાજે 26 કલાક સુધી ચાલતી રહે છે.





















તમારા સપનાના ડેસ્ટિનેશનને વાસ્તવમાં સાકાર કરવાની તક લઈને આવી રહ્યું છે.
બેસ્ટ વોયેજ પ્રા. લિ તો ચાલો જલસા કરવા....
ગુજરાતી માહોલ માં ગુજરાતી ટૂર મેનેજર સાથે.
IATA
Best Voyage Pvt. Ltd.
CELEBRATING 25th ANNIVERSARY
scan me
અમારા તમામ પેકેજો જાણવા માટે અહીંયા સ્કેન કરો
ગુજરાત ની પ્રતિષ્ઠિત અને સફળ ટ્રાવેલ કંપની, આપના માટે લઈ ને આવી રહ્યું છે....
Winter 2025-26
PACKAGE
ઓસ્ટ્રેલિયા વિથ ન્યુઝીલેન્ડ 17 રાત્રિ - 18 દિવસ 21 જાન્યુઆરી, 17 ફેબ્રુઆરી, 11 માર્ચ
ઓસ્ટ્રેલિયા 11 રાત્રિ - 12 દિવસ 20 જાન્યુઆરી 6,16 ફેબ્રુઆરી, 17 માર્ચ
ન્યુઝીલેન્ડ 11 રાત્રિ - 12 દિવસ 19 જાન્યુઆરી 15 ફેબ્રુઆરી, 06 માર્ચ
સિંગાપોર મલેશીયા & ક્રુઝ 08 રાત્રિ - 09 દિવસ 29 જાન્યુઆરી, 03 માર્ચ
સિંગાપોર મલેશીયા & ક્રુઝ 09 રાત્રિ - 10 દિવસ 19 ફેબ્રુઆરી
સાઉથ આફ્રિકા 10 રાત્રિ - 11 દિવસ 18,જાન્યુઆરી 20 ફેબ્રુઆરી 22 માર્ચ
અઝરબૈજાન 06 રાત્રિ - 07 દિવસ 15 ડિસેમ્બર, 21 જાન્યુઆરી 10 ફેબ્રુઆરી, 05 માર્ચ
વિયેતનામ વિથ ફુકોક 09 રાત્રિ - 10 દિવસ 20 જાન્યુઆરી 13 ફેબ્રુઆરી, 03 માર્ચ
વરસેટાઇલ વિયેતનામ 08 રાત્રિ - 09 દિવસ 20 ફેબ્રુઆરી 02 માર્ચ
શ્રીલંકા 07 રાત્રિ - 08 દિવસ 14 ડિસેમ્બર, 05 જાન્યુઆરી 13 ફેબ્રુઆરી, 05 માર્ચ
બાલી 06 રાત્રિ - 07 દિવસ 12 ડિસેમ્બર 04 જાન્યુઆરી 13 ફેબ્રુઆરી 05 માર્ચ
આઈસલેન્ડ 09 રાત્રિ - 10 દિવસ 01 માર્ચ
Happy New Year 2026
2026 Happy New Year
Summer 2026
PACKAGE
ચેરી બ્લોસમ જાપાન 09 રાત્રિ - 10 દિવસ 22, 27, 30 માર્ચ
જાપાન વિથ અલ્પાઈન રુટ 10 રાત્રિ - 11 દિવસ 19,29 મે 10,22 જૂન
સાઉથ આફ્રિકા 10 રાત્રિ - 11 દિવસ 10,16 મે | 11 રાત્રિ - 12 દિવસ 26 એપ્રિલ 03, 07, 31 મે | 13 રાત્રિ - 14 દિવસ 14, 28 મે
ઓસ્ટ્રેલિયા 11 રાત્રિ - 12 દિવસ 04 એપ્રિલ 02 ,15,28 મે
ન્યુઝીલેન્ડ 12 રાત્રિ - 13 દિવસ 01 એપ્રિલ 03, 07, 22 મે
વેસ્ટ & ઈસ્ટ અમેરિકા 12 રાત્રિ 13 દિવસ 22 એપ્રિલ 06,20 મે 03,17 જૂન 01,22 જુલાઈ 19 ઓગસ્ટ 16 સપ્ટેમ્બર, 09 નવેમ્બર
અમેરિકન વંડર 19 રાત્રિ - 20 દિવસ 30 એપ્રિલ 21 મે 11 જૂન 02 જુલાઈ, 13 ઓગસ્ટ
અમેરિકન ડિસ્કવરી 23 રાત્રિ - 24 દિવસ 05,26 મે 16 જૂન 07 જુલાઈ, 04 ઓગસ્ટ
અમેઝિંગ અમેરિકા 15 રાત્રિ - 16 દિવસ 06, 27 મે 10 જૂન 01 જુલાઈ
કેનેડિયન રોકીસ 09 રાત્રિ - 10 દિવસ 14,21,28 મે 05,11,25 જૂન 09 જુલાઈ, 13 ઓગસ્ટ
બાલી 06 રાત્રિ - 07 દિવસ 24, 30 એપ્રિલ 08, 14 મે 18 જૂન
યુરોપ યાત્રા 18 રાત્રિ - 19 દિવસ 09,28 મે 15 જૂન 13 ઓગસ્ટ
યુનિક યુરોપ 15 રાત્રિ - 16 દિવસ 26 મે 15 જૂન 13 જુલાઈ
યુરોપીઅન ડ્રીમ્સ 12 રાત્રિ - 13 દિવસ 03,08,17, 25 મે 06 જૂન 14 જુલાઈ, 11 ઓગસ્ટ
સિનિક સ્કેન્ડીનેવીયા 12 રાત્રિ - 13 દિવસ 28 મે 11 જૂન 26 સપ્ટેમ્બર
યુકે વિથ આયર્લેન્ડ 10 રાત્રિ - 11 દિવસ 14 મે 15 જુલાઈ
પેનોરમિક યુરોપ 09 રાત્રિ - 10 દિવસ 21 મે 21 જૂન
ડિસ્કવર ઓસ્ટ્રેલિયા 12 રાત્રિ - 13 દિવસ 30 એપ્રિલ
યુરોપ તથા અન્ય અન્ય ટુરની માહિતી જાણવા માટે સંપર્ક કરો +91 99989 77746 / +91 95864 11313
હેડ ઓફિસ એસએફ ૧-૨/૧૦૧-03, અનહિલ કોમ્પ્લેક્સ,સિટી સેન્ટર ની પાછળ, સ્વસ્તિક ક્રોસ રોડ, સી.જી. રોડ અમદાવાદ-૩૮૦૦૦૯, ગુજરાત
બ્રાંચ ઓફિસ નિકોલ ( અમદાવાદ ) - આણંદ - મહેસાણા - સુરત - બરોડા - રાજકોટ જામનગર - ગાંધીનગર - કલોલ

નવું વર્ષ 2026 આપ અને આપના પરિવાર માટે આનંદ, એકતા અને પ્રેમથી ભરેલું રહે.
દરેક દિવસ નવી ખુશીઓ અને સુખદ ક્ષણો લઈને આવે એવી પ્રાર્થના.

## નવું વર્ષ મુબારક!



2026 Happy New Year

શુભેચ્છક

ગીરીશભાઈ સોની — ભારતીબેન સોની

રવિ સોની — અમિતા સોની

ચિ. કુશ અને ચિ. કાવ્યા

2026 Happy New Year

નવું વર્ષ 2026 આપના જીવનમાં નવી આશા, નવી ઉર્જા અને નવી સફળતાઓ લઈને આવે.
આ વર્ષ આપને આરોગ્ય, સુખ, શાંતિ અને સમૃદ્ધિ અર્પે એવી દિલથી શુભકામનાઓ.

## નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ!



શુભેચ્છક

Happy New Year 2026

અશોકભાઈ મોદી — જયશ્રીબેન મોદી

સંદીપ મોદી - શ્વેતા મોદી — નેવિલ મોદી - નેહા મોદી

ચિ. ક્રિશ

Happy New Year 2026



# નિસ્વાર્થ સેવાની ઉજ્જવળ ઝલક : અજાણ્યા સંબંધે બાંધ્યો વિશ્વાસ

વિશ્વના કોઈપણ ખૂણામાં, જ્યારે કોઈ વ્યક્તિ નિસ્વાર્થ ભાવથી, કોઈ અપેક્ષા વગર, બીજા માટે મદદરૂપ બને છે ત્યારે ત્યાં માનવતા, સંસ્કાર અને પ્રભુ કૃપાનો સુમેળ સ્પષ્ટ રીતે દેખાઈ આવે છે. આજના સમયમાં ઓળખાણ અને સ્વાર્થ વિના મદદ કરવી દુર્લભ બની ગઈ છે, પરંતુ જ્યારે આવો પ્રસંગ બને છે ત્યારે તે સમગ્ર સમાજ માટે પ્રેરણારૂપ બની જાય છે.

તારીખ 28 ડિસેમ્બરના રોજ એવો જ એક હૃદયસ્પર્શી પ્રસંગ મારા જીવનમાં બન્યો. અનિચ્છનીય ભૂલને કારણે મારું કેનેડાનું પી.આર. કાર્ડ ઈન્ડિયાથી મારા પરિવારજનોની બેગમાં આવી ગયું હતું, જ્યારે માત્ર બે દિવસ પછી મારી કેનેડા પરત ફરવાની ફ્લાઈટ હતી. વિદેશમાં રહેતા વ્યક્તિ માટે આવું દસ્તાવેજ ન હોવું ભારે તણાવજનક પરિસ્થિતિ ઊભી કરે છે.

પરિસ્થિતિની ગંભીરતા સમજી, મારો દીકરો તત્કાળ એરપોર્ટ પર પહોંચ્યો. ત્યાં કેનેડા એરપોર્ટથી વાયા દિલ્હી -વડોદરા જઈ રહેલી ફ્લાઈટમાં મુસાફરી કરતી આણંદની નાનકડી દીકરી - જીનીશા સાથે તેનો સંપર્ક થયો.

અહીં વિશેષ ઉલ્લેખનીય બાબત એ છે કે જીનીશાનો મારા દીકરા કે અમારા પરિવાર સાથે અગાઉ કોઈપણ પ્રકારનો પરિચય નહોતો. છતાં પણ, માત્ર માનવતાના આધાર પર, તેણે કોઈ સ્વાર્થ વગર મારું પી.આર. કાર્ડ જવાબદારીપૂર્વક પોતાના હાથમાં લીધું.

વડોદરા એરપોર્ટ પર ઉતરી, તેણે પોતાનું બેગેજ પણ લીધા વગર બહાર આવી, મને મારું પી.આર. કાર્ડ સુરક્ષિત રીતે સોંપી દીધું. સંયોગ એવો હતો કે તે જ ફ્લાઈટમાં હું કેનેડા પરત ફરવાનો હતો અને ત્યારબાદ તેણે પોતાની મુસાફરી આગળ વધારી.

કેનેડાની સિટીઝન, આ નાનકડી દીકરીએ દર્શાવેલી સંવેદના, વિશ્વાસ અને નિસ્વાર્થ સેવા જોઈને હું અને મારો સમગ્ર પરિવાર અત્યંત ભાવવિભોર થયો. કોઈપણ પૂર્વ પરિચય વગર, એક જ ઉત્કૃષ્ટ કાર્ય દ્વારા દીકરી જીનીશા અમારા પરિવાર માટે વિશેષ સ્થાન પ્રાપ્ત કરી ગઈ.

આ પ્રસંગ આપણને શીખવે છે કે માણસે હંમેશા સામેના વ્યક્તિની વાત ધ્યાનપૂર્વક સાંભળવી જોઈએ અને આપણાથી થતી મદદ નિ:સંકોચ કરવી જોઈએ, કારણ કે માનવતા ક્યારેય વ્યર્થ જતી નથી.

આણંદની દીકરી જીનીશાએ કરેલું આ કાર્ય કેનેડામાં રહેતા ગુજરાતી યુવા વર્ગ અને સમગ્ર સમાજ માટે એક ઉજ્જવળ દાખલો બની ગયું છે.

વાહ દીકરી જીનીશા!, વાહ તારા સંસ્કાર! અને ધન્ય છે તારા માતા-પિતા.

ફરી એકવાર, મારા સમગ્ર પરિવાર તરફથી હૃદયપૂર્વક ખૂબ ખૂબ આભાર અને વંદન.



લેખક : સુજ્ઞેશ પટેલ ( તંત્રી શ્રી ગરવી ગુજરાત ડિજિટલ ન્યુઝ પેપર



## યુવા પેઢી માટે તથા સમાજ માટે ઉત્તમ ઉદાહરણ પૂરું પાડતી નિસ્વાર્થ સેવાનો પ્રત્યક્ષ પુરાવો એટલે કેનેડાથી જઈ રહેલી એક નાનકડી સીટીઝન યુવાન દીકરી "જીનીશા"

# આત્મ ચિંતન:-“લક્ષ્ય સિદ્ધ થાય તો જ જીવન અર્થપૂર્ણ બને”

જે સમયે મનુષ્ય ધરતી પર જન્મ લે છે તે સમયે એક લક્ષ્ય લઈને જન્મે છે. ભલે એ પૂર્ણ ન થાય કે ન થાય પણ લક્ષ્ય અને ઉદ્દેશ્ય નિશ્ચિત હોય છે. જો એ પૂર્ણ ન થાય તો જીવનમાં એક ખાલીપો નિર્માણ થાય છે જે જીવન ભર તેને માનસિક પીડા આપે છે. જો તેનું બારીકાઈથી નિરીક્ષણ કરવામાં આવેતો સૌનું ધ્યેય લક્ષ્ય પ્રાપ્તિનું જ હોય છે. કવિ સૂર્યકાંત ત્રિપાઠી “નિરાલા” કહેછે કે


“લક્ષ્ય દૂર હો ચાહે જિતના, પાંવ નહીં મજબૂર હૈ, હમ સૈનિક હૈ શૂર સાહસી, જીવન રસ ભરપૂર હૈ.

વિદ્યાર્થીઓનું આત્મહત્યા કરવાના પ્રયાસનું કારણ:-

અમેરિકાની એક યુનિવર્સિટીમાં ભણતા ૬૦ વિદ્યાર્થીઓનો મનો વૈજ્ઞાનિકોએ ઈન્ટરવ્યુ લીધો કે એમાંના ૯૩% વિદ્યાર્થીઓ કુશાગ્ર બુદ્ધિ ધરાવતા મિલનસાર અને બધી જ પ્રવૃત્તિઓમાં આગળ હતા અને તેઓમાં કોઈ માનસિક બિમારી નહોતી. પણ તેઓને પૂછવામાં આવ્યું કે તેઓને આત્મહત્યાનો વિચાર કેમ આવ્યો? તેમાંના ૮૫% વિદ્યાર્થીઓનો એક સમાન પ્રત્યુતર હતો કે “આવા અર્થવિહીન અને દિશા શૂન્ય જીવનનો શો મતલબ!

આમ વૈજ્ઞાનિકો એવા તારણ પર આવ્યા કે સુખ સગવડના સાધનોની પ્રાપ્તિ કરતા જીવનમાં ઉચ્ચ લક્ષ્યની પ્રાપ્તિ જ થાય તો જીવનનું સાર્થક્ય છે. દીર્ઘ જીવન કરતા જીવનની ક્ષણોને માણવી તે જ ધ્યેય છે.

આપણી સદૈવ માન્યતા એવી રહી છે કે સુખ સગવડના સાધનો જેવા કે આલીશાન બંગલો, મોંઘીદાટ કાર, ભરપૂર બેંક બેલેન્સ હોય પછી બીજું શું જોઈએ જીવનમાં? આપણે એવું માનીએ છીએ કે આપણે પરિવારના સભ્યોને સુખ સગવડના સાધનો, ઘર રૂપિયા આપીને સુખી કરીએ તો એમનું જીવન આનંદથી ભરપુર બની જશે પરંતુ એ ભ્રમ છે એવું બનતું નથી. આ બધું મળી ગયા પછી મનુષ્ય વિચારે કે મારા જીવન નો ઉદ્દેશ્ય શું? જો કોઈ મનુષ્ય સવારે કોઈ જાતના ધ્યેય કે ઉદ્દેશ્ય વિના ઘરેથી નીકળી



પડશે અને સાંજે થાકીને ઘરે પરત ફરશે તો તેને ગુસ્સો

**લેખકઃ ડો.જયેન્દ્ર કૃષ્ણાલાલ નાયક (સંગીતકાર)**

આવશે કે કોઈ ઉદ્દેશ્ય વિના આખો દિવસ બરબાદ કર્યો. દરેક દિવસની જેમ આપણો ઉદ્દેશ્ય નિશ્ચિત હોવો જોઈએ નહીંતર જીવન સંધ્યાની વેળાએ અફસોસ થશે કે મેં સમગ્ર જીવન કોઈ ધ્યેય વિના વેડફી દીધું. કવિ મીન પ્યાસીની પંક્તિ મુજબ

પરમેશ્વર તો પહેલું પૂછશે, કોઈનું સુખ દુઃખ પૂછ્યું ‘ તું!

દર્દ ભરી દુનિયામાં જઈને કોઈનું આંસુ લુંછ્યું તું?

ગેં ગેં ફેંફે કરતા કહેશો.... હેં હેં હેં શું શું શું???.

આપણા જીવન નો ઉદ્દેશ્ય સ્પષ્ટ હોય તો નક્કી કરેલા ધ્યેય સુધી પહોંચવું સરળ બની જાય છે. જીવનમાં શાંતિ તો ધ્યેય સિદ્ધ કરવાથી જ આવે છે.

*સ્વામી વિવેકાનંદ કહે છે કે

उत्तिष्ठत जाग्रत प्राप्य वरान्निबोधत।

“ઊઠો, જાગો અને જ્યાં સુધી ધ્યેય હાંસલ ન થાય ત્યાં સુધી પ્રયત્નો કરતા રહો. ”

મનોવૈજ્ઞાનિક આલ્બર્ટ કામસે કહે છે કે”માનવ સામે એક જ પડકાર છે કે તે એક બાબતનું સાચું મૂલ્યાંકન કરી શકે છે કે જીવનની સફળતા શું છે? આપણે પશુઓની જેમ સંવેગોથી પ્રભાવિત જીવન વ્યતીત નથી કરતા. સંસ્કૃત શ્લોક છે કે

आहार निद्रा भय मैथुनं च सामान्यमेतत् पशुभिर्नराणाम् ।
धर्मो हि तेषामधिको विशेषः धर्मेण हीनाः पशुभिः समानाः॥

અર્થાત્ ખાવું, ઊંઘ, ભય અને મૈથુન (પ્રજોત્પતિ) આ બાબતોમાં પશુ આપણા કરતાં સર્વશ્રેષ્ઠ છે પણ પશુઓથી મનુષ્યની ધર્મ બુદ્ધિ જ અલગ તારવે છે. જો ધર્મ બુદ્ધિ (સારા નરસાની વિવેક) વગરનો મનુષ્ય પશુ સમાન છે. આપણી જિજ્ઞાસાઓનું સમાધાન કરવામાં આપણી પરંપરાઓ અને ધર્મ ધારણાઓ સહાયભૂત બને છે. આ પ્રકિયા આજે થંભી જવાને કારણે સામાજિક વ્યવસ્થા છિન્ન ભિન્ન થઈ ગઈ છે. મોટા ભાગના વ્યક્તિઓનું ધ્યેય વિદેશમાં સ્થાયી થવાનું, ડોકટર, વકીલ, નેતા બનવાનું હોય છે જેના દ્વારા ભૌતિક રીતે સમૃદ્ધ જીવન પ્રાપ્ત કરવાનું હોય છે પણ એવા નોખા મનના માનવીઓનું ધ્યેય દર્દીઓની નિસ્વાર્થ સેવા તેમજ સાચો ન્યાય અપાવીને સાચા દેશ સેવક બનીને જીવનને સાર્થક્ય બનાવે છે. શ્રીમદ્ ભગવદ્ ગીતામાં શ્રી કૃષ્ણ કહે છે કે “એકવાર હું મનુષ્યને તેના ધ્યેય પ્રાપ્તિ કરવામાં સહાયભૂત થાઉં છું પણ તે ધ્યેય પર ટકી રહેવું તે તેની પર નિર્ભય છે.

મારા આ લેખનું સમાપન ફિલ્મ”સંકલ્પ” ગીતની પંક્તિઓથી કરીશ.

“तू ही सागर है, तू ही किनारा,
ढूंढता है, तू किसका सहारा
पाप क्या, पुण्य है क्या ये भुला दे,
कर्म कर, फल की चिन्ता मिटा दे
ये परीक्षा, न होगी दुबारा”

Wide Range of Mortgage Options Available
• Residential • Commercial • Business Loan

Happy New Year 2026

- New To Canada
- High Networth
- Business For Self
- Medical Professionals
- First Time Home Buyers
- Airbnb Properties
- Self Employed
- Student Rental
- 1st & 2nd Mortgage
- Debt Consolidation
- Spousal Buyout
- Short Term Rental
- Mortgages for Clients with Bruised Credit, Previous Bankruptcies, or Consumer Proposals

Scan my Business Card

Happy New Year 2026

Download My Free Mortgage App



Let's talk! Your FREE consultation awaits.
Call Today: 647-893-1311


Dhavalkumar Patel
Mortgage Agent Level 2

@yourmortgagepoint

MORTGAGE ARCHITECTS
#12728
5675 Whittle Rd, Mississauga, ON, L4Z 3P8

🙏 Please Don't drink and drive — your loved ones are waiting for you. 🙏

# શ્રાદ્ધ – કાલ અને આજની પેઢી



- શ્રીમતી મિનાક્ષી અ. કરમરકર

આજકાલ મોટાભાગના તહેવારો, રૂઢિગત પરંપરાઓ માત્ર કાલ્પનિક વાર્તાઓના રૂપમાં રહી ગઈ છે. પહેલાના જમાનામાં સાદગી, કરકસરથી પારંપારિક પ્રણાલીઓ જેવી રીતે જાળવવામાં આવતી તેવી આજકાલ લાગણી આજકાલ કશે જોવા મળતી નથી. દરેક વિધિવિધાનમાં યજમાન દ્વારા બ્રાહ્મણોને સમયમર્યાદા પહેલેથી જ આપી દેવામાં આવી છે અને હદ તો ત્યારે થાય કે લગ્ન, મરણ જેવા પ્રસંગોએ પણ આપણી સગવડતા સાચવવા આપણે બ્રાહ્મણને ભ્રષ્ટાચારના રસ્તે ચલાવવા જરાયે અચકાતા નથી. બધું જ સગવડભર્યું થઈ ગયું છે. પૈસો જ મારો પરમેશ્વર એ ઉક્તિ મુજબ પૈસાથી બધું જ ખરીદી શકાય છે.

પ્રાચીન પરંપરાને જાળવવા જરૂરી છે આજની યુવાપેઢીને વિધિવિધાનની સાચી સમજ આપવાની. યુવાધનની મૂંઝવણ એ છે કે શ્રાદ્ધના દિવસે ખીર - પુરી આપણે કાગડા, ગાય, કૂતરાને ખવડાવીએ એટલે શું આપણા પિતૃઓ તૃપ્ત થઈ જાય? મેડિકલ સાયન્સ તથા આધ્યાત્મિક વિધિવિધાનો મુજબ જીવ જે ઘડીએ દેહ ત્યાગ કરે ત્યારથી આપણી અને એની વચ્ચેના સંબંધની પૂર્ણતા થાય.

વધારે સમજીએ તો એમ કહેવાય છે કે દેહ ત્યાગ કર્યા પછી એ આત્મા શરીરની આસપાસ ભ્રમણ કરતો રહે છે અને જ્યારે પરિવારના સભ્યો દુઃખી થઈ કલ્પાંત કરે છે ત્યારે એ જીવ ઘણી જ મૂંઝવણ અનુભવે છે. વર્ષોથી જે શરીર પર પોતાનું આધિપત્ય હોય તે શરીરથી પોતાનું અલગ અસ્તિત્વ એ કલ્પી જ શકતો નથી એટલે એવા સમયે એ શરીરમાં જઈ શકતો નથી કે મૃતદેહની પાસે હાજર વ્યક્તિઓને પોતાની હાજરીનો અહેસાસ અપાવી શકતો નથી.

સમય થતાં એ નશ્વર શરીરનો અલગ અલગ ધર્મ પ્રણાલી પ્રમાણે નાશ કરવામાં આવે છે. આવા સમયે શરીરનો નાશ થવાથી એ આત્મા ઘરે આવે છે. જ્યાં સુધી પીંડ કપાય નહીં એટલે કે દસ દિવસ સુધી આત્માનો વાસ ઘરની ઉંબર શાખ ઉપર રહે છે. દસમા દિવસે પીંડ કપાયા બાદ એની આગળ ગતિ થાય છે. જરૂર છે પરિવારના સભ્યોએ ખાસ સમજવાની કે ગમે તેટલી પ્રિય વ્યક્તિનું મૃત્યુ થયા બાદ એ કદી પાછું આવી શકતું નથી તો આવા સમયે એને સાચી શ્રદ્ધાંજલી રૂપે અકલ્પિત આઘાતને જીરવી જઈને સામાન્ય જીવન જીવવાનો પ્રયાસ કરી એ જીવને અહેસાસ અપાવવો જોઈએ કે "અમો સારી રીતે જીંદગી જીવી શકીશું અને તમે તમારા સ્વરસ્તે પ્રયાણ કરો, અમારી ચિંતા કરશો નહીં, આપણો સંગાથ અહીં સુધીનો જ હતો". આપણા આવા વ્યવહારથી અને પ્રાર્થનાથી એ સૂક્ષ્મ રીતે આપણી વચ્ચે રહેતા જીવને તૃપ્તતા, સંતોષ થશે અને એને આગળ ગતિ કરવાની દિશા મળશે.

સાચા અર્થમાં પ્રાચીન પરંપરાઓ પાછળની ભાવના સમજીએ તો જે ઘરમાં શોકનું વાતાવરણ છે એ પરિવારને એ વાતાવરણમાંથી બહાર લાવવા તેર દિવસ સુધી ઘણાબધા લોકો મળવા જાય છે. હવે જે લોકો મળવા આવે છે તે માંડ પાંચ મિનિટ સુધી ખેદ વ્યક્ત કરે છે પછી તો બધા બીજી બધી વાતો ઉપર જ ઉતરી જાય છે. અને એ વાતોમાં શોકજન્ય પરિવારનું ધ્યાન બીજી તરફ વળે છે જેનાથી એમનું દુઃખ હળવું થાય છે. ખરી હકીકત આ જ સમજી શકાય કારણ બધા દુઃખનો એક જ ઈલાજ છે સમય.. જેમ સમય જાય તેમ કયાં તો દુઃખ હળવું થાય અથવા એની આદત પડી જાય.

બીજું આ દિવસોમાં કંજૂસમાં કંજૂસ માણસ પણ દાનધર્મ મૃત વ્યક્તિના નામે કરે છે. કહેવત છે ને કે હાથે કરે તે સાથે. એ મુજબ ગયેલી વ્યક્તિને એ બધું મળતું જ નથી પણ એ નિમિત્તે આપણે આપણી મૃત્યુશૈયાનું ભાથું સાથે બાંધી લઈએ છીએ. આજકાલ તો આ બધી ધાર્મિક વિધિમાં અમુક કોમ્યુનીટી એટલી બધી આગળ વધી ગઈ છે કે પોતાના જીવતા જ મૃત્યુ પછીના વિધિ વિધાન કરાવી લે છે અને મૃત્યુ પછી કોઈ પ્રકારની વિધિ કરવી જ નહીં એવો આગ્રહ પોતાના વીલમાં કરે છે કે પરિવારના સભ્યોને પહેલેથી જ કહી દે છે.

હકીકતમાં મરી ગયા પછી કોઈ પાછું આવતું જ નથી અને શું આવે તો ગાય, કૂતરાં અને કાગડાના રૂપે...? આપણે સ્વપ્નામાં પણ ના કલ્પી શકીએ કે મૃત વ્યક્તિ કોઈ પ્રાણીયોનિમાં જાય. બસ... આ બધી પ્રણાલી છે જેના નિમિત્તે આપણે દાન-ધર્મ કરી શકીએ. આજકાલ તો આપણા યુવાધનની જેમ પશુ-પ્રાણી-પંખીઓને પણ દૂધપાક, પૂરી, ભજીયામાં રસ નથી. એમને પણ ચાઈનીઝ, ચીઝ, પનીરમાં જ રસ છે. એમ પણ આટલી બધી મોંઘવારીમાં આખું કુટુંબ ભેગું કરી શ્રાદ્ધ ઉજવવું એ ઘણું જ વિચારવા જેવું છે. બિચારા યજમાનને તો જીવતે જીવ જ શ્રાદ્ધ થઈ જાય.

બહુ જ માર્મિક દ્રશ્ય આપ સૌની સમક્ષ મૂકું છું. એકવાર હું મારા ઘરેથી સવારે નીકળી ત્યારે નીચે સાઈડમાં કોઈકે પિતૃપક્ષ નિમિત્તે વાસ કાગળમાં મૂકી હતી. બે-ત્રણ કલાક પછી હું પાછી ફરી ત્યારે એ દ્રશ્ય જોઈને અવાચક થઈ ગઈ. એક ગાંડા જેવો માણસ આરામથી એ વાસ મૂકેલ ખાદ્ય પદાર્થનો કાગળ હાથમાં લઈ ખાતો હતો. કેટલું બધું માર્મિક દ્રશ્ય હતું.

સાચા અર્થમાં શ્રાદ્ધ તર્પણ એટલે આપણા પૂર્વજોના સંસ્કારો, વાણી-વર્તનનું સહકુટુંબ સ્મરણ કરી એનો અમલ કરવો જોઈએ. એમણે બચાવેલ એક એક પાઈનું યોગ્ય મૂલ્યાંકન કરી સત્કર્મોમાં વાપરવી જોઈએ. પહેલા તો સાત પેઢીના નામ સૌ કોઈને મોઢે રહેતા. હજુ ગામડાઓમાં અટકના બદલે બાપદાદાઓના નામે જ ઓળખાય છે જેમકે, ભુલા ભીખા, ભીખા મગન... વગેરે.. આપણી વ્યસ્તતાને લઈને આપણે આપણા વડીલોની રસપ્રદ વાતો પણ બાળકોને જણાવી શકતા નથી. અરે, આપણને પોતાને પણ આપણી સાત પેઢીના નામ ખબર નથી અને આપણે કદી એ જાણવાનો પ્રયાસ પણ કર્યો નથી.

સંસ્કૃત ભાષા ઉચ્ચારણમાં એટલી બધી અટપટી છે કે શબ્દોનો યોગ્ય ઉચ્ચાર ના થાય તો પણ એનો અર્થ બદલાય જાય. સરળતાથી કે પરંપરાગત બની ગયેલ આપણા બ્રાહ્મણ સમાજની જરૂર તો આપણને દરેક પ્રસંગે પડે જ. એમણે જ ધર્મને અટપટો, સગવડભર્યો અને ગૂંચવાડાભર્યો બનાવ્યો છે. તમે ખિસ્સું ખુલ્લું રાખો એટલે બધા ચોઘડીયા તમારા થઈ જાય, બધું નડતું દૂર થઈ જાય. પૈસાથી આપણે ગ્રહ, નક્ષત્રોને પણ નચાવી શકીએ એટલા સાધનસંપન્ન થઈ ગયા છીએ.


ભગવાન અને ભક્ત વચ્ચે બ્રાહ્મણ એ સમાજને સીધા રસ્તે ચલાવનાર માધ્યમ છે. ઘણા બ્રાહ્મણોનું વર્તન જોઈને જ તકલીફ થાય જેમકે મોં માં પાન રાખીને કે હોઠમાં તમાકુ દબાવીને શ્લોક બોલનારા પણ ઘણા બધા છે. અધ્યાયો પણ ટૂંકમાં પતાવાય છે. યજમાનને પણ હવે કલાકોની પૂજામાં રસ નથી એણે પણ ફક્ત કરવાનું એટલે જ ધાર્મિક કાર્ય કરવું છે. બધું જ જાણે આર્ટીફીશયલ લાગે છે. ૪ કલાક બેસીને ટીવી જોવાય કે ફિલ્મ જોવા જવાય પણ બે કલાક પૂજામાં બેસવાનું આવે તો અસહ્ય તકલીફો થાય છે. આ બાજુ બ્રાહ્મણ વર્ગમાં પણ શોર્ટેજ હોવાથી એક જ દિવસમાં પાંચ ઘરે કથા કરવી પડે છે અને છેવટે તો બધું લક્ષ્મીદેવી પર જ આધારિત છે એટલે કે જેટલી દક્ષિણા જાજરમાન એટલી પૂજા પણ જાજરમાન...

ધરાયેલાને ધરાવીને કયા પિતૃઓ તૃપ્ત થાય? એના કરતા તો ભૂખ્યાને અન્ન આપો, જરૂરિયતમંદને વસ્ત્રદાન કરો અને ખાસ દાન કરતી વખતે પ્રશંસા કે પ્રસિદ્ધિની અપેક્ષા તો જરાયે ના રાખો. પુરાણોક્ત મુજબ પિતૃક્ષેત્રના દેહમાં પાંચ વિભાગો ગણવામાં આવ્યા છે. શિરક્ષેત્ર એટલે ગયા, નાભિક્ષેત્ર એટલે વૈતરણી, પાદક્ષેત્ર એટલે પીઠાપુર, માતૃક્ષેત્ર એટલે સિધ્ધપુર અને બ્રહ્મકપાલીક્ષેત્ર એટલે બદરીનાથ. લોકવાયકા મુજબ શ્રાદ્ધની પરંપરા ભગવાન રામચંદ્રના સમયથી શરૂ થઈ. માવતરની હયાતીમાં જ એમની બધી ઈચ્છા પૂરી કરી તૃપ્ત કરવા એ સાચુ શ્રાદ્ધ છે. બાકી તો આખી જીંદગી એમણે હડે હડે કર્યા હોય, વૃદ્ધાશ્રમમાં નાંખી આવ્યા હોય અને મૃત્યુ બાદ સમાજમાં સાચા પુત્રની ફરજ સાબિત કરવા, પોતાનો માતા-પિતા પ્રત્યેનો અતૂટ પ્રેમ બતાવવા લાખોનું દાન કરે, આખા ગામને જમાડે એનો શું અર્થ? કેમ આપણે હજુ પણ બાહ્ય આડંબરમાંથી બહાર આવતા નથી? સાચી લાગણીને કેમ સમજતા નથી? જીંદગીને સાચી રીતે કેમ માણતા નથી? અને આવા સંતાનો માટે એ વિચાર આવ્યા વગર રહે જ નહીં કે જે સંતાન પોતાના જન્મદાતાઓને વફાદાર નથી, એમને જીવતે જીવ ઠારતા નથી, કાળજી લેતા નથી તે પોતાના નોકરી-ધંધા, સમાજ, સગાસ્નેહીઓ, પરિવાર પ્રત્યે કેવી રીતે વફાદારી નિભાવી શકે?

પશ્ચિમનો પવન હવે પૂર્વમાં પણ ફૂંકાયો છે. અહીંથી યુરોપના દેશોમાં ગયા પછી અર્થસભર નામને પણ બદલી નાંખે છે. પોતાના માતા-પિતાની ઓળખ આપતા પણ શરમ અનુભવે છે. જે મા-બાપે તમારા માટે કોઈપણ જાતના સ્વાર્થ વગર, અપેક્ષા વગર તમારી જરૂરિયાતો પૂરી કરવા પોતાની જાત ઘસી નાંખી, દેવું કર્યું અને જ્યારે એ જ મા-બાપની લાકડી બનવાનો વારો આવે ત્યારે એને હડધૂત કરો, રૂપિયા ફેંકીને લોકોના ભરોસો એમનું પાનખર મૂકો.. ત્યારે એ મા-બાપ તમારા એક સ્પર્શ માટે વલખતા હોય છે, એક ઝલક જોવા માટે અનિમેષ નજર દરવાજા ઉપર માંડી રહે છે. આ છે તમારો પુત્રપ્રેમ? તમારી ફરજ?

સાચા અર્થમાં શ્રાદ્ધ એટલે શ્રદ્ધાથી, કોઈપણ જાતનો દેખાવો કર્યા વગર, દંભ કર્યા વગર પિતૃઓની સદગતિ અર્થે પૂરી આસ્થાથી, સાદગીથી દાન-ધર્મ કરવું. એમને ગમતી વાનગીઓ બનાવી પરિવાર સહ આરોગવી. જેવી રીતે દરેક તહેવારોનું અલગ અલગ મહત્વ છે તેવી જ રીતે શ્રાદ્ધ પણ પિતૃઓ સાથે કરેલી ભૂલ સુધારવાની એક તક આપે છે. ગાયત્રી પરિવાર દ્વારા દર વર્ષે અમાસના દિવસે શ્રાદ્ધની વિધિ મંદિરે કરાવવામાં આવે છે. જેમાં સાધુ. સંતો, પશુ-પક્ષીઓ, દેવ, પિતૃઓને પણ તર્પણ કરાવવામાં આવે છે.

શ્રી સાંઈનાથ મહારાજે વિજયાદશમીના દિવસે સિમોલંઘન કર્યું હોવાથી બાબાની શ્રાદ્ધની તિથિ દશમને દિવસે ગણવામાં આવે છે. આવો આપણે, વીતી ગયેલી ભૂલોને સુધારી સાચા અર્થમાં શ્રાદ્ધની પરંપરા જાળવી પિતૃઓના આશીર્વાદ મેળવીએ.




# Happy New Year
# 2026

## ગરવી I ❤ Gujarat ગુજરાત

## સુજ્ઞેશભાઇ પટેલ

તંત્રી શ્રી ગરવી ગુજરાત ડિજિટલ ન્યુઝ પેપર

Mobile : 4379670062
garvigujarat2025@gmail.com





પ્રમુખશ્રી
ધવલભાઈ સોની

પ્રિય હરિભક્તો,

પરમ કૃપાળુ સહજાનંદ સ્વામી મહારાજ તથા વડતાલ ધામના દિવ્ય આશીર્વાદથી આપણે એક નવા વર્ષના શુભ આરંભે પગલાં મૂકી રહ્યા છીએ. નવું વર્ષ એ માત્ર સમયનો ફેરફાર નથી, પરંતુ આત્મચિંતન, સદાચાર અને સત્સંગના માર્ગે વધુ દ્રઢ બનવાનો પાવન અવસર છે.

આ નવા વર્ષમાં પ્રભુ શ્રી સ્વામિનારાયણ આપ સૌના જીવનમાં શાંતિ, સુખ, સમૃદ્ધિ અને સદ્બુદ્ધિ પ્રદાન કરે. હરિભક્તિ, સેવા, સત્સંગ અને સદાચાર દ્વારા આપનું જીવન વધુ ઉજળું અને અર્થસભર બને. પરિવાર, સમાજ અને કોમ્યુનિટી સાથે પ્રેમ, એકતા અને સહકાર વધે—એવી મહારાજના ચરણોમાં પ્રાર્થના છે.

વડતાલ ધામ શ્રી સ્વામિનારાયણ મંદિર, કેનેડા તરફથી દરેક હરિભક્તોને નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ. મહારાજ આપ સૌને આરોગ્ય, આનંદ અને આધ્યાત્મિક ઉન્નતિ આપતા રહે—એજ અમારી પ્રાર્થના.

જય સ્વામિનારાયણ

એડ્રેસઃ Unit 3 2400 Finch avenue west M9M 2C8
Timing 8 Am to 12 am
4 pm to 8 pm
વધુ માહિતી માટે સંપર્ક કરોઃ
ધવલ સોનીઃ 647-236-4148
વિપુલ પટેલઃ 416-880-2962

